અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==

[૨૦૧૧] ૪ એસ.સી.આર. ૮૮૯

રાધેશ્યામ કેજરીવાલ

વિરુદ્ધ

પશ્ચિમ બંગાળ રાજ્ય અને અન્ય

(ક્રિમિનલ અપીલ નંબર ૧૦૯૭/૨૦૦૩)

ફેબ્રુઆરી ૧૮, ૨૦૧૧

[હરજીત સિંઘ બેદી, પી. સદાશિવમ અને

ચંદ્રમૌલિ કુમાર પ્રસાદ, ન્યાયમૂર્તીઓ]

ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ – કલમો ૫૦, ૫૧ અને ૫૬ – કાર્યક્ષેત્ર અને લાગુ પડવાની બાબત – કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૯(૧)(એફ)(૧) અને કલમ ૮(૨) ની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ અપીલકર્તા સામેના આરોપો – એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કલમ ૫૬ હેઠળની

કાર્યવાહીમાં અપીલકર્તા સામે કાર્યવાહી ચલાવવાની કોશિશ કરી, જોકે તે જ સમાન તથ્યો અને ફરિયાદના કારણ પર, સામાવાળા–નિર્ણાયક સત્તાધિકારીએ કલમ ૫૦ હેઠળ અપીલકર્તા સામે ઘડવામાં આવેલા આરોપો પડતા મૂક્યા હતા – અપીલકર્તાની રજૂઆત કે ફોજદારી કેસમાં આરોપ સાબિત કરવા માટે જરૂરી પુરાવાનું ધોરણ નિર્ણયની કાર્યવાહી કરતાં ઘણું ઊંચું હોય છે અને એકવાર અપીલકર્તા નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ સાબિત થઈ ગયા પછી, તેમની સામે કાર્યવાહી ચલાવવી એ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ હતો – ઠેરવવામાં આવ્યું (બહુમતી દ્વારા): માપદંડ એ નક્કી કરવાનો રહેશે કે શું નિર્ણયની કાર્યવાહી અને ફરિયાદ પક્ષની કાર્યવાહીમાં આક્ષેપ સમાન હતો અને નિર્ણયની કાર્યવાહીમાં સંબંધિત વ્યક્તિનો નિર્દોષ છુટકારો ગુણદોષના આધારે થયો હતો – જો નિર્ણયની કાર્યવાહીમાં ગુણદોષના આધારે એવું જણાય કે અધિનિયમની જોગવાઈઓનું કોઈ ઉલ્લંઘન થયું નથી, તો સંબંધિત વ્યક્તિ સામેનો કેસ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે – હાલના કેસમાં, નિર્ણયની કાર્યવાહીમાં ગુણદોષના આધારે નિર્ણાયક સત્તાધિકારીએ સ્પષ્ટપણે ઠેરવ્યું હતું કે કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૯(૧)(એફ)(૧) અને કલમ ૮(૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ અપીલકર્તા સામેના આરોપો ટકી શકે તેમ નથી – નિર્ણયની કાર્યવાહીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના એવા તારણ સામે કે અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું કોઈ ઉલ્લંઘન થયું નથી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપવી અયોગ્ય અને

કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે – પરિણામે અપીલકર્તા સામેની કાર્યવાહી રદ કરવામાં આવે છે – ઠેરવવામાં આવ્યું (લઘુમતી દ્વારા): અધિનિયમની યોજના સ્પષ્ટ કરે છે કે સંબંધિત સત્તાવાળાઓ દ્વારા નિર્ણય અને કાર્યવાહી અલગ અને ભિન્ન છે – આ બંને કાર્યવાહી સ્વતંત્ર છે અને કલમ ૫૦ હેઠળના નિર્ણયના પરિણામને ધ્યાનમાં લીધા વિના, કલમ ૫૬ હેઠળ કાર્યવાહી શરૂ કરવા સામે કોઈ પ્રતિબંધ હોઈ શકે નહીં – કલમ ૫૬ ના આદેશને ધ્યાનમાં રાખીને, ફોજદારી કોર્ટની ફરજ છે કે તે તેને સોંપાયેલા કાર્યો પૂર્ણ કરે અને કાયદાકીય હેતુને અમલમાં મૂકે, ખાસ કરીને ફેરા ના કાર્યક્ષેત્ર અને હેતુના સંદર્ભમાં, જે દેશના આર્થિક વિકાસ અને આવકના વધારા માટે ઘડવામાં આવ્યો હતો.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટૉરેટે આક્ષેપ કર્યો હતો કે અપીલકર્તાએ ધ ફૉરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ ની કલમ ૮(૨) અને ૯(૧)(એફ)(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે અને તે મુજબ સદર અધિનિયમની કલમ ૫૦ હેઠળ દંડ લાદવા માટે પોતાને જવાબદાર બનાવ્યા છે. તદનુસાર, ઉપરોક્ત ઉલ્લંઘનો માટે અપીલકર્તા સામે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ધારિત કર્યા મુજબ નિર્ણયની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. નિર્ણાયક અધિકારી (સ્પેશિયલ ડિરેક્ટર) એવા નિષ્કર્ષ પર આવ્યા કે અપીલકર્તા સામે સદર અધિનિયમની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૮, ૯(૧)(એફ)(૧)

અને કલમ ૮(૨) ની જોગવાઈઓના ઉલ્લંઘનના આક્ષેપો ટકી શકે તેમ નથી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ હુકમને પડકાર્યો ન હતો અને તે આખરી બન્યો હતો.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સમાન આક્ષેપ પર, જે નિર્ણયની કાર્યવાહીનો વિષય હતો, અપીલકર્તા સામે સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી કરવા માટે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી. પ્રોસેસ જારી થયા પછી અને નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ છૂટ્યા પછી, અપીલકર્તાએ કાર્યવાહી પડતી મૂકવા માટે અરજી દાખલ કરી, જેમાં અન્ય બાબતો સાથે એવી રજૂઆત કરવામાં આવી હતી કે તે જ આક્ષેપ પર નિર્ણયની કાર્યવાહી પડતી મૂકવામાં આવી હોવાથી અને અપીલકર્તા નિર્દોષ છૂટ્યા હોવાથી, તેમની સામે સતત કાર્યવાહી એ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ છે. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે તેમની અરજ ફગાવી દીધી. તેનાથી નારાજ થઈને, અપીલકર્તાએ ક્રિમિનલ રિવિઝન અરજી દાખલ કરી જે હાઈકોર્ટ દ્વારા વાદગ્રસ્ત હુકમ દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

હાલની અપીલમાં, વિવાદ એ ઊભો થયો કે શું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ફેરા ની કલમ ૫૬ હેઠળની કાર્યવાહીમાં અપીલકર્તા સામે કાર્યવાહી ચલાવી શકે જ્યારે તે જ સમાન તથ્યો અને ફરિયાદના કારણ પર, સામાવાળા–નિર્ણાયક સત્તાધિકારીએ ફેરા ની કલમ ૫૦ હેઠળ અપીલકર્તા સામે ઘડવામાં આવેલા આરોપો પડતા મૂક્યા હતા.

અપીલકર્તા તરફે એવી રજૂઆત કરવામાં આવી હતી કે ફોજદારી કેસમાં આરોપ સાબિત કરવા માટે જરૂરી પુરાવાનું ધોરણ નિર્ણયની કાર્યવાહી કરતાં ઘણું ઊંચું હોય છે અને એકવાર અપીલકર્તા નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ સાબિત થઈ ગયા પછી, તેમની સામે કાર્યવાહી ચલાવવી એ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ હતો.

અપીલ મંજૂર કરતાં (બહુમતી દ્વારા),

ચંદ્રમૌલિ કુમાર પ્રસાદ, ન્યાયમૂર્તી દ્વારા (હરજીત સિંઘ બેદી, ન્યાયમૂર્તી અને પોતાના વતી):

કોર્ટે ઠેરવેલ કે: ૧. ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ (જે હવે પછી ફેરા તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૫૦ ફરજિયાત દંડની જોગવાઈ કરે છે અને સદર અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ પર આવા દંડની મહત્તમ મર્યાદા નક્કી કરે છે જેનો નિર્ણય ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ અથવા આસિસ્ટન્ટ ડિરેક્ટરના હોદ્દાથી નીચેના ન હોય તેવા એન્ફોર્સમેન્ટના અન્ય કોઈપણ અધિકારી દ્વારા કરવામાં આવશે જેમને કેન્દ્ર સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય. દંડનો નિર્ણય કરવાની પ્રક્રિયા અને સત્તા સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ પૂરી પાડવામાં આવી છે. સદર અધિનિયમની કલમ ૫૧ ના સરળ વાંચન પરથી એ સ્પષ્ટ થાય છે કે સદર અધિનિયમની જોગવાઈઓ અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમના ઉલ્લંઘન બદલ સદર અધિનિયમની કલમ ૫૧

હેઠળ દંડનો નિર્ણય કરવા માટે નિર્ણાયક અધિકારીએ નિર્ધારિત રીતે તપાસ હાથ ધર્યા પછી અને સંબંધિત વ્યક્તિને રજૂઆત કરવાની વાજબી તક આપ્યા પછી સંતોષ મેળવવાનો રહેશે કે સદર વ્યક્તિએ ઉલ્લંઘન કર્યું છે. આમ કાર્યપદ્ધતિની આવશ્યકતા ઉપરાંત સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ દંડ લાદવા માટે અનિવાર્ય શરત એ છે કે નિર્ણાયક અધિકારીએ પોતાનો સંતોષ નોંધવો પડશે કે સંબંધિત વ્યક્તિએ સદર અધિનિયમની અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે. [પેરા ૮, ૯] [૯૦૩–ઈ–એચ; ૯૦૪–એ–જી]

૨. ફેરા ની પ્રસ્તાવના પરથી સ્પષ્ટ થાય છે તેમ, તે દેશના વિદેશી હૂંડિયામણના સંસાધનોના સંરક્ષણ અને દેશના આર્થિક વિકાસમાં તેના યોગ્ય ઉપયોગ માટે ઘડવામાં આવ્યો હતો. સદર અધિનિયમની કલમ ૫૧ અને ૫૬ હેઠળની કાર્યવાહી એકબીજાથી સ્વતંત્ર છે અને સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણયની કાર્યવાહીનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી ચલાવવા માટેની કાર્યવાહીમાં બંધનકર્તા નથી અને બંને સાથે–સાથે ચાલી શકે છે. વધુમાં, સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણયની કાર્યવાહી પૂર્ણ થાય તે પહેલાં પણ ફરિયાદ પક્ષની કાર્યવાહી શરૂ કરી શકાય છે. [પેરા ૧૦, ૧૧] [૯૦૪–એચ; ૯૦૫–એચ; ૯૦૬–એ–સી]

૩. ફોજદારી કેસમાં પુરાવાનું ધોરણ નિર્ણયની કાર્યવાહી કરતાં ઘણું ઊંચું હોય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ નિર્ણયની કાર્યવાહીમાં પોતાનો કેસ સાબિત

કરવામાં અસમર્થ રહ્યું છે અને તે જ આક્ષેપ પર અપીલકર્તા નિર્દોષ છૂટ્યા છે. અપીલકર્તા ફોજદારી કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. તેથી, નિર્ણયની કાર્યવાહીમાં તથ્યોનું નિર્ધારણ ફોજદારી કેસમાં અપ્રસ્તુત કહી શકાય નહીં. જોકે, નિર્ણયની કાર્યવાહીનું તારણ ફોજદારી કાર્યવાહી માટેની કાર્યવાહીમાં બંધનકર્તા નથી. નિર્ણયની કાર્યવાહીમાં દંડ ચૂકવવા માટે જવાબદાર ઠરેલ વ્યક્તિ ફોજદારી ટ્રાયલમાં દોષિત જ ઠરે તે જરૂરી નથી. નિર્ણયની કાર્યવાહી થોડા ઉચ્ચ સ્તરના પુરાવાના વજનના આધારે નક્કી કરવામાં આવે છે જ્યારે ફોજદારી કેસમાં તમામ વાજબી શંકાથી પર સાબિત કરવાનો સંપૂર્ણ બોજ ફરિયાદપક્ષ પર રહે છે. [પેરા ૧૫, ૧૬] [૯૦૯–એચ; ૯૧૦–એ–બી; ૯૧૧–એફ–જી]

૪. માપદંડ એ નક્કી કરવાનો રહેશે કે શું નિર્ણયની કાર્યવાહી તેમજ ફરિયાદ પક્ષની કાર્યવાહીમાં આક્ષેપ સમાન છે અને નિર્ણયની કાર્યવાહીમાં સંબંધિત વ્યક્તિનો નિર્દોષ છુટકારો ગુણદોષના આધારે છે. જો નિર્ણયની કાર્યવાહીમાં ગુણદોષના આધારે એવું જણાય કે સદર અધિનિયમની જોગવાઈઓનું કોઈ ઉલ્લંઘન થયું નથી, તો સંબંધિત વ્યક્તિ સામેની ટ્રાયલ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે. [પેરા ૧૯] [૯૧૬–એ–બી]

૫. હાલના કેસમાં, નિર્ણયની કાર્યવાહીમાં ગુણદોષના આધારે નિર્ણાયક સત્તાધિકારીએ સ્પષ્ટપણે ઠેરવ્યું છે કે "શ્રી રાધેશ્યામ કેજરીવાલ સામે ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ ની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૯(૧)(એફ)(૧) અને કલમ ૮(૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા

બદલના આરોપો ટકી શકે તેમ નથી". નિર્ણયની કાર્યવાહીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના ઉપરોક્ત તારણ સામે કે સદર અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું કોઈ ઉલ્લંઘન થયું નથી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપવી અયોગ્ય અને કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે. [પેરા ૨૩] [૯૧૯–એફ–એચ; ૯૧૦–એ]

૬. પરિણામે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટનો વાદગ્રસ્ત ચુકાદો અને હાઇકોર્ટ દ્વારા તેને બહાલી આપતો હુકમ રદ કરવામાં આવે છે અને અપીલકર્તા સામેની કાર્યવાહી રદ કરવામાં આવે છે. [પેરા ૨૪] [૯૨૦–બી]

સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને અન્ય વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ અને અન્ય (૨૦૦૬) ૪ એસ.સી.સી. ૨૭૮; આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સ, બોમ્બે અને અન્ય વિરુદ્ધ એલ.આર. મેલવાની અને અન્ય એ.આઈ.આર. ૧૯૭૦ એસ.સી. ૯૬૨ અને ઈકબાલ સિંઘ મારવાહ વિરુદ્ધ મીનાક્ષી મારવાહ (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૩૭૦ – અલગ તારવવામાં આવ્યા.

ઉત્તમ ચંદ અને અન્ય વિરુદ્ધ ઈનકમ ટેક્સ ઓફિસર, સેન્ટ્રલ સર્કલ, અમૃતસર (૧૯૮૨) ૨ એસ.સી.સી. ૫૪૩; જી.એલ. દિદવાણિયા અને અન્ય વિરુદ્ધ ઈનકમ ટેક્સ ઓફિસર અને અન્ય ૧૯૯૫ સપ્લીમેન્ટરી (૨) એસ.સી.સી. ૭૨૪ અને કે.સી. બિલ્ડર્સ અને અન્ય વિરુદ્ધ આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઈનકમ ટેક્સ (૨૦૦૪) ૨ એસ.સી.સી. ૭૩૧ – આધાર રાખવામાં આવ્યો.

હેમેન્દ્ર એમ. કોઠારી વિરુદ્ધ શ્રી ડબલ્યુ.એસ. વૈગણકર, આસિસ્ટન્ટ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ફેરા), ભારત સરકાર અને મહારાષ્ટ્ર રાજ્ય [બોમ્બે હાઈકોર્ટ દ્વારા ૨૫–૦૪–૨૦૦૭ ના રોજ નિર્ણિત] અને સુનિલ ગુલાટી અને અન્ય વિરુદ્ધ આર.કે. વોહરા ૧૪૫ (૨૦૦૭) ડી.એલ.ટી. ૬૧૨ – માન્ય રાખવામાં આવ્યા.

બી.એન. કશ્યપ વિરુદ્ધ એમ્પરર એ.આઈ.આર. (૩૨) ૧૯૪૫ લાહોર ૨૩ ફુલ બેંચ; કે.જી. પ્રેમશંકર વિરુદ્ધ ઇન્સ્પેક્ટર ઓફ પોલીસ (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૮૭ – સંદર્ભ લેવામાં આવ્યો.

કેસ લો રેફરન્સ:

(૨૦૦૬) ૪ એસ.સી.સી. ૨૭૮	અલગ તારવવામાં આવ્યા	પેરા ૧૧, ૨૦
એ.આઈ.આર. ૧૯૭૦ એસ.સી. ૯૬૨	અલગ તારવવામાં આવ્યા	પેરા ૧૨, ૧૩
એ.આઈ.આર. (૩૨) ૧૯૪૫ લાહોર ૨૩	સંદર્ભ લેવામાં આવ્યો	પેરા ૧૫
(૨૦૦૨) ૮ એસ.સી.સી. ૮૭	સંદર્ભ લેવામાં આવ્યો	પેરા ૧૫
(૨૦૦૫) ૪ એસ.સી.સી. ૩૭૦	અલગ તારવવામાં આવ્યા	પેરા ૧૬
(૧૯૮૨) ૨ એસ.સી.સી. ૫૪૩	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૭
૧૯૯૫ સપ્લીમેન્ટરી (૨)	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૭

એસ.સી.સી. ૭૨૪		
(૨૦૦૪) ૨ એસ.સી.સી. ૭૩૧	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૭
૧૪૫ (૨૦૦૭) ડી.એલ.ટી. ૬૧૨	માન્ય રાખવામાં આવ્યા	પેરા ૨૨

સદાશિવમ, ન્યાયમૂર્તી દ્વારા (અસંમત):

કોર્ટે ઠેરવેલ કે: ૧. ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ (જે હવે પછી ફેરા તરીકે ઉલ્લેખિત છે) આર્થિક ગુનાઓને લગતો કાયદો હોવાથી, સદર અધિનિયમની કોઈપણ જોગવાઈઓના કાર્યક્ષેત્રને મર્યાદિત કરવાનું કોઈ કારણ નથી. આ જોગવાઈઓ સુનિશ્ચિત કરે છે કે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણય પછી યોગ્ય દંડ લાદીને કથિત ઉલ્લંઘનથી કોઈ આર્થિક નુકસાન ન થાય અને સદર અધિનિયમની કલમ ૫૬ ની શરતો અનુસાર યોગ્ય કાર્યવાહી પછી યોગ્ય સજા લાદીને ઉલ્લંઘન કરવાની વૃત્તિ પર નિયંત્રણ રાખવામાં આવે. વાસ્તવમાં, ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૭ ની કલમ ૨૩ડી માં એક પરંતુક હતું, જે દર્શાવે છે કે ગુનેગાર સામે કાર્યવાહી કરવા માટે સંબંધિત કોર્ટમાં લેખિત ફરિયાદ કરતા પહેલા દંડ લાદવા માટેનો નિર્ણય થવો જોઈએ. ૧૯૭૩ ના અધિનિયમની કલમ ૫૧ અથવા કલમ ૫૬ માં સમાન પરંતુકનો અભાવ એ સ્પષ્ટ સંકેત છે કે ધારાસભાનો હેતુ આ બંને કાર્યવાહીને એકબીજાથી સ્વતંત્ર ગણવાનો હતો. વર્તમાન અધિનિયમમાં એવું દર્શાવવા માટે કંઈ નથી કે

નિર્ણયનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળની કાર્યવાહીમાં કોર્ટ પર બંધનકર્તા છે અથવા કલમ ૫૬ હેઠળની કાર્યવાહી સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળના નિર્ણયના પરિણામ પર આધારિત છે. આ બંને કાર્યવાહી સ્વતંત્ર છે અને કલમ ૫૦ હેઠળના નિર્ણયના પરિણામને ધ્યાનમાં લીધા વિના, કલમ ૫૬ હેઠળ કાર્યવાહી શરૂ કરવા સામે કોઈ પ્રતિબંધ હોઈ શકે નહીં. સદર અધિનિયમની યોજના સ્પષ્ટ કરે છે કે સંબંધિત સત્તાવાળાઓ દ્વારા નિર્ણય અને કાર્યવાહી અલગ અને ભિન્ન છે. નિઃશંકપણે, નિર્ણયનો નિષ્કર્ષ, હાલના કેસમાં, સ્પેશિયલ ડિરેક્ટરનો નિર્ણય, અપીલકર્તા માટે એક મુદ્દો હોઈ શકે છે અને તેમણે તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાનો રહે છે. કારણ કે ફેરા માં કેટલીક જોગવાઈઓ અને લક્ષણો છે જેની તુલના ધ ઈનકમ ટેક્સ એક્ટ અથવા ધ કસ્ટમ્સ એક્ટ ની જોગવાઈઓ સાથે થઈ શકતી નથી અને ફેરા ની કલમ ૫૬ ના આદેશને ધ્યાનમાં રાખીને, ફોજદારી કોર્ટની ફરજ છે કે તે તેને સોંપાયેલા કાર્યો પૂર્ણ કરે અને કાયદાકીય હેતુને અમલમાં મૂકે, ખાસ કરીને ફેરા ના કાર્યક્ષેત્ર અને હેતુના સંદર્ભમાં જે દેશના આર્થિક વિકાસ અને આવકના વધારા માટે ઘડવામાં આવ્યો હતો. જોકે સદર અધિનિયમ ત્યારથી રદ કરવામાં આવ્યો છે અને હાલમાં ઉપલબ્ધ નથી, છતાં સદર અધિનિયમના હેતુને ધ્યાનમાં રાખીને તે જોગવાઈઓનું હળવાશથી અર્થઘટન કરી શકાય નહીં. [પેરા ૨૩] [૯૭૨–ડી–એચ; ૯૭૩–એ–ડી]

૨. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કલકત્તા દ્વારા લેવાયેલ નિષ્કર્ષ તેમજ હાઈકોર્ટના નિર્ણયને બહાલ રાખવામાં આવે છે. [પેરા ૨૪] [૯૪૩-ઈ]

જી.એલ. દિદવાણિયા અને અન્ય વિરુદ્ધ ઈનકમ ટેક્સ ઓફિસર અને અન્ય ૧૯૯૫ સપ્લીમેન્ટરી (૨) એસ.સી.સી. ૭૨૪; કે.સી. બિલ્ડર્સ અને અન્ય વિરુદ્ધ આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઈનકમ ટેક્સ (૨૦૦૪) ૨ એસ.સી.સી. ૭૩૧; પી.એસ. રાજ્ય વિરુદ્ધ બિહાર રાજ્ય (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧; ઉત્તમ ચંદ અને અન્ય વિરુદ્ધ ઈનકમ ટેક્સ ઓફિસર, સેન્ટ્રલ સર્કલ, અમૃતસર (૧૯૮૨) ૨ એસ.સી.સી. ૫૪૩ – અલગ તારવવામાં આવ્યા.

સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને અન્ય વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ અને અન્ય (૨૦૦૬) ૪ એસ.સી.સી. ૨૭૮; કે.જી. પ્રેમશંકર વિરુદ્ધ ઈન્સ્પેક્ટર ઓફ પોલીસ અને અન્ય (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૮૭; આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સ વિરુદ્ધ એલ.આર. મેલવાની, ૧૯૬૯ (૨) એસ.સી.આર. ૪૩૮; ઈકબાલ સિંઘ મારવાહ અને અન્ય વિરુદ્ધ મીનાક્ષી મારવાહ અને અન્ય (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૩૭૦ – આધાર રાખવામાં આવ્યો.

આસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ વેલ્લિયપ્પા ટેક્સટાઈલ્સ લિમિટેડ (૨૦૦૩) ૧૧ એસ.સી.સી. ૪૦૫; એ.એન.ઝેડ. ગ્રિન્ડલેઝ બેંક લિમિટેડ વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ (૨૦૦૪) ૬ એસ.સી.સી. ૫૩૧; સ્ટેન્ડર્ડ

ચાર્ટર્ડ બેંક વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૫૩૦ – સંદર્ભ લેવામાં આવ્યો.

બી.એન. કશ્યપ વિરુદ્ધ એમ્પરર એ.આઇ.આર. (૩૨) ૧૯૪૫ લાહોર ૨૩ ફુલ બેંચ – સંદર્ભ લેવામાં આવ્યો.

કેસ લો રેફરન્સ:

૧૯૯૫ સપ્લીમેન્ટરી (૨) એસ.સી.સી. ૭૨૪	અલગ તારવવામાં આવ્યા	પેરા ૯, ૧૦, ૧૧, ૧૬, ૧૯, ૨૨
(૨૦૦૪) ૨ એસ.સી.સી. ૭૩૧	અલગ તારવવામાં આવ્યા	પેરા ૯, ૧૧
(૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧	અલગ તારવવામાં આવ્યા	પેરા ૯, ૧૨
(૧૯૮૨) ૨ એસ.સી.સી. ૫૪૩	અલગ તારવવામાં આવ્યા	પેરા ૯, ૧૩
(૨૦૦૬) ૪ એસ.સી.સી. ૨૭૮	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૫, ૨૨
(૨૦૦૨) ૮ એસ.સી.સી. ૮૭	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૫, ૧૭
૧૯૬૯ (૨) એસ.સી.આર. ૪૩૮	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૫, ૧૮, ૧૯, ૨૨

(૨૦૦૫) ૪ એસ.સી.સી. ૩૭૦	**આધાર રાખવામાં આવ્યો**	**પેરા ૧૫, ૨૦**
એ.આઇ.આર. (૩૨) ૧૯૪૫ લાહોર ૨૩ ફુલ બેંચ	**સંદર્ભ લેવામાં આવ્યો**	**પેરા ૧૫, ૨૧**
(૨૦૦૩) ૧૧ એસ.સી.સી. ૪૦૫	**સંદર્ભ લેવામાં આવ્યો**	**પેરા ૧૬**
(૨૦૦૪) ૬ એસ.સી.સી. ૫૩૧	**સંદર્ભ લેવામાં આવ્યો**	**પેરા ૧૬**
(૨૦૦૫) ૪ એસ.સી.સી. ૫૩૦	**સંદર્ભ લેવામાં આવ્યો**	**પેરા ૧૬**

ક્રિમિનલ એપેલેટ જ્યુરિસડિક્શન: ક્રિમિનલ અપીલ નંબર ૧૦૯૭/૨૦૦૩.

સી.આર.આર. નંબર ૩૫૯૩/૧૯૯૭ માં કલકત્તા હાઈકોર્ટના તારીખ ૧૦.૦૮.૨૦૦૧ ના ચુકાદા અને હુકમમાંથી.

અપીલકર્તા તરફે એ. શરણ, પુનિત જૈન, સુશીલ કુમાર જૈન, પ્રમોદ શર્મા, અનિલ કે. વર્મા, પ્રતિભા જૈન ઉપસ્થિત.

સામાવાળાઓ તરફે પી.પી. મલ્હોત્રા, એ.એસ.જી., પી.કે. ડે, રંજના નારાયણ, બી. કૃષ્ણ પ્રસાદ, તારા ચંદ્ર શર્મા, નીલમ શર્મા ઉપસ્થિત.

કોર્ટનો ચુકાદો **ન્યાયમૂર્તી ચંદ્રમૌલિ કુમાર પ્રસાદ** દ્વારા આપવામાં આવેલ.

૧. અમે અમારા આદરણીય અને વિદ્વાન બંધુ સદાશિવમ, ન્યાયમૂર્તી દ્વારા તૈયાર કરાયેલા મુસદ્દા ચુકાદાનું અવલોકન કર્યું છે અને અમે તેમના દ્વારા લેવામાં આવેલા દ્રષ્ટિકોણ સાથે સહમત થવામાં અસમર્થ છીએ.

૨. બિનજરૂરી વિગતો સિવાય હાલની અપીલ તરફ દોરી જતા તથ્યો એ છે કે તારીખ ૨૨ મી મે, ૧૯૯૨ ના રોજ અપીલકર્તા રાધેશ્યામ કેજરીવાલના કબજા હેઠળના વિવિધ પરિસરો ઉપરાંત અન્ય વ્યક્તિઓના પરિસરોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિંકારીઓ દ્વારા તપાસ કરવામા આવી હતી. અપીલકર્તાની ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ (જે હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૩૫ હેઠળની સત્તાની રૂએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ દ્વારા તારીખ ૩ જી મે, ૧૯૯૨ ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તે જ દિવસે જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. વધુમાં અપીલકર્તાને સદર અધિનિયમની કલમ ૪૦ હેઠળની સત્તાની રૂએ પુરાવા આપવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા હતા અને તેના આધારે તેમની જુબાની વિવિધ તારીખોએ નોંધવામાં આવી હતી, એટલે કે તારીખ ૨૨ મી મે, ૧૯૯૨, ૧૦ મી માર્ચ, ૧૯૯૩, ૧૬ મી માર્ચ, ૧૯૯૩, ૧૭ મી માર્ચ, ૧૯૯૩ અને ૨૨ મી માર્ચ, ૧૯૯૩. તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલી સામગ્રીના આધારે અને અપીલકર્તાની જુબાની પરથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને જણાયું હતું કે ભારતમાં રહેતા વ્યક્તિ એવા અપીલકર્તાએ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી કોઈ સામાન્ય કે ચોક્કસ મુક્તિ

વિના, યુગોસ્લાવિયામાં અપીલકર્તાના વિદેશી નોમિની દ્વારા પ્રતિ યુ.એસ. ડોલર રૂપિયા ૩૩/- ના દરે યુ.એસ. $ ૭૫,૦૦૦ ની ચુકવણીની પ્રાપ્તિના બદલામાં અથવા તેના સંબંધમાં માર્ચ/એપ્રિલ, ૧૯૯૨ માં એક પિયુષ કુમાર બરોડિયાને રૂપિયા ૨૪,૭૫,૦૦૦/- ની ચુકવણી કરી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને વધુમાં જણાયું હતું કે આ વ્યવહારમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા તે સમય માટે અધિકૃત કરાયેલા દરો સિવાયના વિનિમય દરો પર ભારતીય ચલણનું વિદેશી ચલણમાં રૂપાંતર સામેલ હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અભિપ્રાય મુજબ, ડોલરના સત્તાવાર દર એટલે કે આશરે રૂપિયા ૩૦/- પ્રતિ ડોલર સામે પ્રતિ યુએસ ડોલર રૂપિયા ૩૩/- ના દરે વિદેશી ચલણ માટે ભારતીય ચલણમાં રૂપિયા ૨૪,૭૫,૦૦૦/- ની ઉપરોક્ત ચુકવણી કરવાના અપીલકર્તાના કૃત્યથી સદર અધિનિયમની કલમ ૮(૨) ની જોગવાઈનું ઉલ્લંઘન થયું હતું. વધુમાં સદર ચુકવણી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કોઈપણ સામાન્ય કે વિશેષ મુક્તિ વિના કરવામાં આવી હોવાથી, અપીલકર્તાએ સદર અધિનિયમની કલમ ૯(૧)(એફ)(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું હતું અને તે મુજબ સદર અધિનિયમની કલમ ૫૦ હેઠળ દંડ લાદવા માટે પોતાને જવાબદાર બનાવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનો વધુમાં એવો અભિપ્રાય હતો કે સદર અધિનિયમની કલમ ૬૪(૨) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં સદર અધિનિયમની કલમો ૯(૧)(એફ)(૧) અને ૮(૨) ની જોગવાઈઓના

ઉલ્લંઘનમાં દુષ્પ્રેરણ કરીને અપીલકર્તાએ પોતાને સદર અધિનિયમની કલમ ૫૦ હેઠળ દંડ માટે જવાબદાર બનાવ્યા છે.

૩. તદનુસાર, ઉપર દર્શાવેલ ઉલ્લંઘનો માટે અપીલકર્તા સામે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ધારિત કર્યા મુજબ નિર્ણયની કાર્યવાહી કેમ ન કરવી જોઈએ તે અંગે કારણ દર્શાવવા માટે ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટના સ્પેશિયલ ડિરેક્ટર દ્વારા તારીખ ૭ મી મે, ૧૯૯૩ ના રોજ કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હતી. ઉપર ઉલ્લેખિત તારીખ ૭ મી મે, ૧૯૯૩ ની કારણદર્શક નોટિસને કારણે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ કાર્યવાહી શરૂ થઈ (જે હવે પછી 'નિર્ણયની કાર્યવાહી' તરીકે ઉલ્લેખિત છે). નિર્ણાયક અધિકારી એવા નિષ્કર્ષ પર આવ્યા કે અપીલકર્તા સામે સદર અધિનિયમની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૮, ૯(૧)(એફ)(૧) અને કલમ ૮(૨) ની જોગવાઈઓના ઉલ્લંઘનના આક્ષેપ ટકી શકે તેમ નથી. તેમ કરતી વખતે સ્પેશિયલ ડિરેક્ટરે નીચે મુજબ અવલોકન કર્યું:

> "શ્રી રાધેશ્યામ કેજરીવાલ દ્વારા રૂપિયા ૨૪,૭૫,૦૦૦/- ની કરવામાં આવેલ કથિત ચુકવણીની ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ ની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૯(૧)(એફ)(૧) અને કલમ ૮(૨) ના સંદર્ભમાં તપાસ થવી જોઈએ. ઉપરોક્ત જોગવાઈઓ હેઠળ દોષિત ઠરાવવા માટેના મહત્વના ઘટકોમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા અધિકૃત કરાયેલા દર સિવાયના વિનિમય દરે કોઈપણ વ્યક્તિના ખાતામાં ચુકવણી કરવામાં આવી હોવાનો પુરાવો જરૂરી રહેશે. મારી સમક્ષના કેસમાં, રૂપિયા ૨૪,૭૫,૦૦૦/- ની રકમ વાસ્તવમાં ચૂકવવામાં આવી છે કે નહીં તે વાજબી શંકાથી પર સાબિત થયું નથી. શ્રી પિયુષ કુમાર બરોડિયાની જુબાની અને શ્રી રાધેશ્યામની પાછી ખેંચાયેલી જુબાની સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો નથી જે એ હકીકતની

પુષ્ટિ કરે કે રૂપિયા ૨૪,૭૫,૦૦૦/- નું વિનિમય પ્રતિ ડોલર રૂપિયા ૩૩/- ના દરે કરવામાં આવ્યું હતું. તેથી, સર્વશ્રી રાધેશ્યામ કેજરીવાલ અને પિયુષ કુમાર બરોડિયા દ્વારા આપવામાં આવેલી જુબાનીઓની સત્યતા અંગેના નિષ્કર્ષ પર પહોંચતા પહેલા ઉપરોક્ત તથ્યો અને સંજોગોને ધ્યાનમાં લેવું ખૂબ જ પ્રસ્તુત છે. ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવા અને અન્ય સહ-આરોપીઓની જુબાનીઓ ચોક્કસપણે આ બાબત પર વધુ પ્રકાશ પાડશે.

ઉપરોક્ત તમામ તથ્યોને ધ્યાનમાં લીધા પછી, મને જણાય છે કે શ્રી રાધેશ્યામ કેજરીવાલ સામે ઉપલબ્ધ એકમાત્ર પુરાવો એ હકીકત છે કે શ્રી પિયુષ કુમાર બરોડિયા પાસેથી જપ્ત કરાયેલા દસ્તાવેજોમાં તેમનો ટેલિફોન નંબર અને નામ દર્શાવેલ છે અને એ હકીકત છે કે તેમના નામ સામે કેટલાક વ્યવહારો નોંધાયેલા છે જે ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાનો કથિત રૂપિયા ૨૪,૭૫,૦૦૦/- ની રકમ સાથે મેળ ખાતા નથી. બીજું, તેઓ વિદેશમાં નાણાં ટ્રાન્સફર કરવા માટે કોઈપણ વિદેશી હૂંડિયામણના વ્યવહારમાં સંડોવાયેલા હતા તે દર્શાવવા માટે કોઈ પુરાવા નથી. અંતમાં, આગળના કોઈપણ પુરાવાના અભાવમાં અને એ હકીકતને ધ્યાનમાં રાખીને કે રાજુ પોદ્દાર અને બાબુભાઈ ઉમેદમલ બંનેએ આવા કોઈપણ વ્યવહારમાં ભાગ લીધો હોવાનો ઈનકાર કર્યો છે, શ્રી રાધેશ્યામ કેજરીવાલને શંકાનો લાભ આપવો પડશે. નોંધપાત્ર રીતે, પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે બોમ્બે ખાતે રહેતા શ્રી પિયુષ કુમાર બરોડિયાના ભાઈ શ્રી શિરીષ કુમાર બરોડિયા, જે વર્ષ દરમિયાન આ વ્યવહારો થયા હતા તે પાછલા વર્ષ માટે ઉપલબ્ધ ન હતા. શ્રી પિયુષ કુમાર બરોડિયા ફરાર છે, તેથી તેમના કેસનો નિર્ણય ગુણદોષના આધારે કરવામાં આવી રહ્યો છે. જોકે, શ્રી રાધેશ્યામ કેજરીવાલ સામે ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ ની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૯(૧)(એફ)(૧) અને કલમ ૮(૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલના આરોપો ટકી શકે તેમ ન હોવાથી, શ્રી પિયુષ કુમાર બરોડિયા સામેના આરોપો પણ ટકી શકે તેમ નથી. તેથી, સર્વશ્રી રાજુ પોદ્દાર, શિરીષ કુમાર બરોડિયા અને બાબુભાઈ ઉમેદમલ જૈન ઉર્ફે બાબુભાઈ ભણસાલી સામે ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ ની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૯(૧)(એફ)(૧) અને ૮(૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલના આરોપો ટકી શકે તેમ નથી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, વાદગ્રસ્ત મેમોરેન્ડમ દ્વારા સર્વશ્રી પિયુષ કુમાર બરોડિયા, રાધેશ્યામ કેજરીવાલ, રાજુ પોદ્દાર, શિરીષ કુમાર બરોડિયા અને બાબુભાઈ ઉમેદમલ જૈન અને

બાબુભાઈ ભણસાલી સામે શરૂ કરવામાં આવેલી કાર્યવાહી આથી પડતી મૂકવામાં આવે છે."

આ સર્વસામાન્ય હકીકત છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ હુકમને પડકાર્યો નથી અને તે આખરી બન્યો છે.

૪. એ જણાવવું પ્રસ્તુત છે કે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણાયક અધિકારી દ્વારા કોઈપણ દંડ લાદવાને બાધ આવ્યા વિના, અન્ય જોગવાઈઓ ઉપરાંત સદર અધિનિયમની કલમો ૮ અને ૯ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ પણ કાર્યવાહી માટે જવાબદાર છે. જોકે, પરવાનગી વિના કૃત્ય કરવા પર પ્રતિબંધ મૂકતી સદર અધિનિયમની આવી જોગવાઈઓના ઉલ્લંઘન માટે આવી કાર્યવાહી શરૂ કરતા પહેલા, સદર અધિનિયમની કલમ ૬૧(૨) નું પરંતુક સંબંધિત વ્યક્તિને તે દર્શાવવાની તક આપવાનું ફરજિયાત બનાવે છે કે તેની પાસે આવી પરવાનગી હતી. તદનુસાર, તારીખ ૨૯ મી ડિસેમ્બર, ૧૯૯૪ ની નોટિસ દ્વારા અપીલકર્તાને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા આપવામાં આવેલી પરવાનગી દર્શાવવાની તક આપવામાં આવી હતી. અપીલકર્તાએ તેનો જવાબ આપ્યો હતો પરંતુ કોઈ પરવાનગી રજૂ કરી ન હતી.

૫. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તે જ આક્ષેપ પર જે નિર્ણયની કાર્યવાહીનો વિષય હતો, અપીલકર્તા સામે સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી કરવા માટે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી. પ્રોસેસ જારી થયા પછી અને નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ છૂટ્યા પછી અપીલકર્તાએ

કાર્યવાહી પડતી મૂકવા માટે અરજી દાખલ કરી, જેમાં અન્ય બાબતો સાથે એવી રજૂઆત કરવામાં આવી હતી કે તે જ આક્ષેપ પર નિર્ણયની કાર્યવાહી પડતી મૂકવામાં આવી હોવાથી અને અપીલકર્તા નિર્દોષ છૂટ્યા હોવાથી, તેમની સામે સતત કાર્યવાહી એ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ છે. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે તારીખ ૨ જી સપ્ટેમ્બર, ૧૯૯૭ ના હુકમ દ્વારા તેમની અરજ ફગાવી દીધી હતી. તેનાથી નારાજ થઈને અપીલકર્તાએ ક્રિમિનલ રિવિઝન અરજી દાખલ કરી અને તે જ રજૂઆતનું પુનરાવર્તન કર્યું પરંતુ કલકત્તા હાઇકોર્ટ તેને માન્ય રાખી શકી નહીં અને તારીખ ૧૦ મી ઓગસ્ટ, ૨૦૦૧ ના વાદગ્રસ્ત હુકમ દ્વારા, તેણે રિવિઝન અરજી ફગાવી દીધી હતી. તેમ કરતી વખતે તેણે નીચે મુજબ અવલોકન કર્યું:

> "તેથી, શ્રી ઘોષની આ દલીલ અસ્વીકાર્ય છે કે સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી નિર્ણયની કાર્યવાહીમાં અરજદાર સામેના આક્ષેપો સાબિત ન થયા હોવાથી અદાલત સમક્ષ તેમની સામેની કાર્યવાહી ટકી શકે નહીં, કારણ કે જે સમાન વિભાગીય સત્તાધિકારીએ તેમની સામે તપાસ હાથ ધરી હતી અને તેમનો ગુનો સાબિત કરવા માટે કોઈ સામગ્રી શોધી શકી ન હતી તે વ્યક્તિ સામે અદાલત સમક્ષ તે જ સમાન આક્ષેપો પર કાર્યવાહી દાખલ કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં અને રેકર્ડ પર તેમની સામે ઉપલબ્ધ તે જ સમાન સામગ્રી પર અલગ વલણ અપનાવે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. જેમ આપણે ઉપર નોંધ્યું છે તેમ, જે એન્ફોર્સમેન્ટ અધિકારીએ કેસની તપાસ કરી છે તે નિર્ણાયક અધિકારી કરતાં એક અલગ એજન્સી છે અને વધુ મહત્ત્વની બાબત એ છે કે, રેકર્ડ પરની સામગ્રી પર કોર્ટ એ જ દ્રષ્ટિકોણ અપનાવશે જેણે વિભાગીય સત્તાધિકારીને આક્ષેપો સાબિત ન થયા હોવાનું શોધવા માટે પ્રેરિત કર્યા હતા તેવું માની શકાય નહીં. જેમ કે અગાઉ દર્શાવવામાં આવ્યું છે તેમ, કોર્ટ દ્વારા આવા આરોપીની ટ્રાયલ જે પ્રક્રિયા અનુસાર ચલાવવામાં આવે છે તેમાં કેટલીક વિશેષ લાક્ષણિકતાઓ છે અને બંને પરીક્ષણ પ્રક્રિયાઓ એટલી ભિન્ન છે કે આરોપી સામેના આરોપની સાબિતીના પ્રશ્ન સંબંધિત બંને સમાંતર સત્તાવાળાઓ માટે તદ્દન વિરુદ્ધ દ્રષ્ટિકોણ રાખવા માટે પૂરતો અવકાશ છે. શ્રી

> ઘોષ દ્વારા આધાર રાખવામાં આવેલા અને તેમની ઉપરોક્ત રજૂઆતના સંબંધમાં ઉપર ચર્ચા કરાયેલા મોટાભાગના નિર્ણયો આપણા હાલના કેસને લાગુ પડી શકે નહીં તેનું સરળ કારણ એ છે કે તેમાંથી કોઈ પણ ન્યાયિક ચુકાદા ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ હેઠળના કેસ સાથે સંબંધિત નથી જેની જોગવાઈઓની તુલના ધ ઈનકમ ટેક્સ એક્ટ અથવા કસ્ટમ્સ એક્ટ સાથે કરી શકાતી નથી."

૬. તેનાથી વ્યથિત થઈને, અપીલકર્તા કોર્ટની પરવાનગી સાથે અમારી સમક્ષ ઉપસ્થિત થયા છે.

૭. અપીલકર્તા તરફે ઉપસ્થિત વરિષ્ઠ વકીલ શ્રી અમરેન્દ્ર શરણ રજૂઆત કરે છે કે ફોજદારી કેસમાં આરોપ સાબિત કરવા માટે જરૂરી પુરાવાનું ધોરણ નિર્ણયની કાર્યવાહી કરતાં ઘણું ઊંચું હોય છે અને એકવાર અપીલકર્તા નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ સાબિત થઈ ગયા પછી, તેમની સામે કાર્યવાહી ચલાવવી એ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ છે. જોકે, એડિશનલ સોલિસિટર જનરલ શ્રી પી.પી. મલ્હોત્રા એવી દલીલ કરે છે કે સદર અધિનિયમની કલમો ૫૦, ૫૧, ૫૬ પરથી પ્રતિબિંબિત થતી સદર અધિનિયમની યોજના પરથી, અપીલકર્તા દ્વારા કરવામાં આવેલી રજૂઆત ટકી શકે તેવી નથી.

૮. કરવામાં આવેલી રજૂઆતો સદર અધિનિયમની યોજનાની તપાસ કરવી આવશ્યક બનાવે છે. સદર અધિનિયમની કલમ ૫૦ જે આ હેતુ માટે પ્રસ્તુત છે તે નીચે મુજબ છે:

૫૦. દંડ. – જો કોઈ વ્યક્તિ કલમ ૧૩, કલમ ૧૮ ની પેટા–કલમ (૧) ની કલમ (એ), કલમ ૧૮એ અને કલમ ૧૯ ની પેટા–કલમ (૧) ની કલમ (એ) સિવાયની આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમનું ઉલ્લંઘન કરે છે, તો તે આવા ઉલ્લંઘનમાં સામેલ રકમ અથવા મૂલ્ય કરતાં પાંચ ગણાથી વધુ ન હોય અથવા પાંચ હજાર રૂપિયા, બેમાંથી જે વધુ હોય તેવા દંડ માટે જવાબદાર રહેશે, જે ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ અથવા કેન્દ્ર સરકારના હુકમ દ્વારા આ વતી વિશેષ રીતે અધિકૃત કરાયેલા આસિસ્ટન્ટ ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટના હોદ્દાથી નીચેના ન હોય તેવા એન્ફોર્સમેન્ટના અન્ય કોઈપણ અધિકારી દ્વારા નક્કી કરવામાં આવશે, જે બંને કિસ્સામાં હવે પછી નિર્ણાયક અધિકારી તરીકે ઉલ્લેખિત છે.

ઉપરોક્ત જોગવાઈ ફરજિયાત દંડની જોગવાઈ કરે છે અને સદર અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ પર આવા દંડની મહત્તમ મર્યાદા નક્કી કરે છે જેનો નિર્ણય ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ અથવા કેન્દ્ર સરકાર દ્વારા અધિકૃત કરાયેલા આસિસ્ટન્ટ ડિરેક્ટરના હોદ્દાથી નીચેના ન હોય તેવા એન્ફોર્સમેન્ટના અન્ય કોઈપણ અધિકારી દ્વારા કરવામાં આવશે. દંડનો નિર્ણય કરવાની પ્રક્રિયા અને સત્તા સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ પૂરી પાડવામાં આવી છે, જે નીચે મુજબ છે:

> ૫૧. નિર્ણય કરવાની સત્તા. – કોઈપણ વ્યક્તિએ તે કલમમાં ઉલ્લેખિત જોગવાઈઓ સિવાયની આ અધિનિયમની કોઈપણ

> જોગવાઈઓનું અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમનું ઉલ્લંઘન કર્યું છે કે કેમ તે કલમ ૫૦ હેઠળ નક્કી કરવાના હેતુ માટે, નિર્ણાયક અધિકારી તે વ્યક્તિને આ બાબતમાં રજૂઆત કરવાની વાજબી તક આપ્યા પછી નિર્ધારિત રીતે તપાસ કરશે અને જો, આવી તપાસ પર, તેમને સંતોષ થાય કે તે વ્યક્તિએ ઉલ્લંઘન કર્યું છે, તો તેઓ તે કલમની જોગવાઈઓ અનુસાર યોગ્ય લાગે તેવો દંડ લાદી શકે છે.

૯. સદર અધિનિયમની કલમ ૫૧ ના સરળ વાંચન પરથી એ સ્પષ્ટ થાય છે કે સદર અધિનિયમની જોગવાઈઓ અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમના ઉલ્લંઘન બદલ સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ દંડનો નિર્ણય કરવા માટે નિર્ણાયક અધિકારીએ નિર્ધારિત રીતે તપાસ હાથ ધર્યા પછી અને સંબંધિત વ્યક્તિને રજૂઆત કરવાની વાજબી તક આપ્યા પછી સંતોષ મેળવવાનો રહેશે કે સદર વ્યક્તિએ ઉલ્લંઘન કર્યું છે. આમ કાર્યપદ્ધતિની આવશ્યકતા ઉપરાંત સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ દંડ લાદવા માટે અનિવાર્ય શરત એ છે કે નિર્ણાયક અધિકારીએ પોતાનો સંતોષ નોંધવો પડશે કે સંબંધિત વ્યક્તિએ સદર અધિનિયમની અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે.

૧૦. સદર અધિનિયમની પ્રસ્તાવના પરથી સ્પષ્ટ થાય છે તેમ, તે દેશના વિદેશી હૂંડિયામણના સંસાધનોના સંરક્ષણ અને દેશના આર્થિક વિકાસમાં તેના યોગ્ય ઉપયોગ માટે ઘડવામાં આવ્યો હતો. અહીં એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત છે કે

સામાજિક અને આર્થિક ગુનાઓની ટ્રાયલ અને સજા પર ભારતના લો કમિશનના સુડતાલીસમા અહેવાલમાં ઇન્વોઇસ મેનિપ્યુલેશન દ્વારા વિદેશી હૂંડિયામણના લીકેજ પરની અભ્યાસ ટીમ તરફથી નીચેનો ભાગ ટાંકવામાં આવ્યો હતો:

> "...ધ કસ્ટમ્સ એક્ટ ની જેમ, એવી જોગવાઈ હોવી જોઈએ કે ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ માં ગુના માટે, ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ દ્વારા નિર્ણય અને અદાલત દ્વારા દોષિત ઠરાવ બંને શક્ય બને. હાલની જેમ આ બંને વિકલ્પો ન હોવા જોઈએ. અમે એવું પણ સૂચન કરીશું કે વધુ ને વધુ કેસોમાં, નિર્ણય ઉપરાંત કાર્યવાહી પણ શરૂ કરવી જોઈએ જેથી અવરોધક અસર પડે."

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને ધારાસભાએ ઉલ્લંઘનથી કોઈ આર્થિક નુકસાન ન થાય તે સુનિશ્ચિત કરવા માટે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ યોગ્ય દંડની જોગવાઈ કરી અને યોગ્ય કાર્યવાહી પછી યોગ્ય સજા લાદવાની જોગવાઈ કરતી સદર અધિનિયમની કલમ ૫૬ દાખલ કરીને ઉલ્લંઘન કરવાની વૃત્તિ પર અંકુશ મૂક્યો, જેનો પ્રસ્તુત ભાગ નીચે મુજબ છે:

> **"૫૬. ગુનાઓ અને કાર્યવાહી.–** (૧) આ અધિનિયમ હેઠળ નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવાને બાધ આવ્યા વિના, જો કોઈ વ્યક્તિ કલમ ૧૩, કલમ ૧૮ ની પેટા–કલમ (૧) ની કલમ (એ), કલમ ૧૮એ, કલમ ૧૯ ની પેટા–કલમ (૧) ની કલમ (એ), કલમ ૪૪ ની પેટા–કલમ (૨) અને કલમો ૫૭ અને ૫૮ સિવાયની આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમનું ઉલ્લંઘન કરે છે, તો તે, કોર્ટ દ્વારા દોષિત ઠરવા પર, શિક્ષાપાત્ર થશે,–
>
> XXX XXX XXX XXX"

૧૧. ખૂબ જ આદર સાથે અમે અમારા વિદ્વાન બંધુ સદાશિવમ, ન્યાયમૂર્તી ના એ નિષ્કર્ષ સાથે સંપૂર્ણપણે સહમત છીએ કે સદર અધિનિયમની કલમો ૫૧ અને ૫૬ હેઠળની કાર્યવાહી એકબીજાથી સ્વતંત્ર છે અને સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણયની કાર્યવાહીનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી ચલાવવા માટેની કાર્યવાહીમાં બંધનકર્તા નથી અને બંને સાથે-સાથે ચાલી શકે છે. વધુમાં, સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણયની કાર્યવાહી પૂર્ણ થાય તે પહેલાં પણ કાર્યવાહી શરૂ કરી શકાય છે. વાસ્તવમાં, સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને અન્ય વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ અને અન્ય (૨૦૦૬) ૪ એસ.સી.સી. ૨૭૮ ના કેસમાં આ કોર્ટ દ્વારા સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે જે નીચે મુજબ છે:

> "૨૪. સદર અધિનિયમમાં એવું દર્શાવવા માટે કંઈ નથી કે નિર્ણયનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળની કાર્યવાહીમાં કોર્ટ પર બંધનકર્તા છે. એવો કોઈ સંકેત નથી કે કાર્યવાહી નિર્ણયના પરિણામ પર આધારિત છે. અમે પહેલેથી જ ઠેરવ્યું છે કે સદર અધિનિયમની યોજના પર, આ બંને કાર્યવાહી સ્વતંત્ર છે. એકનું તારણ બીજામાં નિર્ણાયક નથી. સદર અધિનિયમ દ્વારા પ્રાપ્ત કરવા માંગતા ઉદ્દેશ્યોના સંદર્ભમાં, વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા તત્વો એવા તારણને યોગ્ય ઠેરવશે નહીં કે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણય પૂર્ણ થયા પછી જ કાર્યવાહી શરૂ કરી શકાય છે."

૧૨. જોકે, હાલના જેવા કેસમાં કે જેમાં સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ દંડની કાર્યવાહી અને સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળની કાર્યવાહી એકસાથે શરૂ કરવામાં આવી હોવા છતાં દંડની કાર્યવાહી અગાઉ પૂર્ણ થઈ જેમાં

વ્યક્તિ નિર્દોષ છૂટી, ત્યારે પ્રશ્ન એ ઊભો થશે કે શું કાર્યવાહી ચાલુ રાખવાની પરવાનગી આપી શકાય કે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, જે પ્રશ્ન સાથે અમારો સંબંધ છે તે એ છે કે નિર્ણયની કાર્યવાહીની પૂર્ણાહુતિ પર નોંધાયેલા તારણોની ફોજદારી કાર્યવાહી પર શું અસર પડે છે અને જો નિર્ણયની કાર્યવાહીમાં સંબંધિત વ્યક્તિ નિર્દોષ છૂટી જાય તો શું તે માત્ર તે આધાર પર ફોજદારી કાર્યવાહી પડતી મૂકવાની અરજ કરી શકે છે. શ્રી મલ્હોત્રા રજૂઆત કરે છે કે નિર્ણયની કાર્યવાહીનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળની કાર્યવાહીના કેસમાં એસ્ટોપલ અથવા રેસ જ્યુડિકાટા તરીકે કાર્ય કરી શકે નહીં અને આ સંબંધમાં, તેમણે આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સ, બોમ્બે અને અન્ય વિરુદ્ધ એલ.આર. મેલવાની અને અન્ય એ.આઇ.આર. ૧૯૭૦ એસ.સી. ૯૬૨ ના કેસમાં આ કોર્ટના બંધારણીય બેંચના ચુકાદા તરફ અમારું ધ્યાન દોર્યું છે, જેમાં પેરા ૮ માં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું છે:

> "૮. હવે અમે એ રજૂઆત હાથ ધરીશું કે અગાઉ સંદર્ભિત કલેક્ટર ઓફ કસ્ટમ્સનું તારણ વર્તમાન કાર્યવાહીમાં ઈશ્યુ એસ્ટોપલ તરીકે સંચાલિત થયું હતું. ઈશ્યુ એસ્ટોપલનો નિયમ ઓટ્રેફોઈસ એક્વિટના સિદ્ધાંતનું એક પાસું માત્ર છે."
>
> XXXXX XXXX XXXXXX XXXX
>
> પરંતુ કોઈ આરોપી ઉપરોક્ત નિયમનો સહારો લે તે પહેલાં, તેણે સ્થાપિત કરવું પડશે કે સક્ષમ અદાલત સમક્ષ અગાઉની કાયદેસરની ટ્રાયલમાં, તેણે નિર્દોષ છુટકારાનો ચુકાદો મેળવ્યો છે જે ચુકાદો તેના ફરિયાદ પક્ષ પર બંધનકર્તા છે. હાલના કેસમાં પહેલેથી જ જણાવેલા કારણોસર, અમે એવું માનવામાં અસમર્થ છીએ કે કલેક્ટર ઓફ કસ્ટમ્સ સમક્ષની કાર્યવાહી એ ફોજદારી ટ્રાયલ છે. આના પરથી એ ફલિત થાય છે કે કલેક્ટરનો નિર્ણય

> આરોપી નંબર ૧ અને ૨ ની તરફેણમાં નિર્દોષ છુટકારાના ચુકાદા
> સમાન નથી."

અમને શ્રી મલ્હોત્રાની રજૂઆતમાં કોઈ વજૂદ જણાતું નથી અને આધાર રાખવામાં આવેલ નિર્ણયને કેસના તથ્યો અને સંજોગો સાથે કોઈ સંબંધ નથી.

૧૩. એલ.આર. મેલવાની કેસ (ઉપર મુજબ) માં, આરોપી વ્યક્તિઓએ એ આધારે તેમની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો કે કલેક્ટર ઓફ કસ્ટમ્સે શંકાનો લાભ આપ્યો હોવાથી, સમાન ગુના માટે બંધારણના અનુચ્છેદ ૨૦(૨) હેઠળ આપવામાં આવેલી ગેરંટીને ધ્યાનમાં રાખીને તેમની સામે એક કરતાં વધુ વખત ટ્રાયલ ચલાવી શકાય નહીં. એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૮૯૮ ની કલમ ૪૦૩, જે ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ ની કલમ ૩૦૦ ને સમકક્ષ છે, તેના હેઠળ આપવામાં આવેલા રક્ષણને ધ્યાનમાં રાખીને એકવાર દોષિત અથવા નિર્દોષ છૂટેલા વ્યક્તિ સામે તે જ ગુના માટે ફરીથી ટ્રાયલ ચલાવી શકાતી નથી. ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ ની કલમ ૩૦૦ નો લાભ મેળવવા માટે, આરોપી વ્યક્તિ માટે માત્ર એટલું જ સ્થાપિત કરવું જરૂરી નથી કે તેના પર કોઈ ગુના માટે સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી અદાલત દ્વારા ટ્રાયલ ચલાવવામાં આવી હતી પરંતુ તે ગુના માટે તેને દોષિત અથવા નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો અને સદર દોષસિદ્ધિ અથવા નિર્દોષ છુટકારો અમલમાં છે. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં આ કોર્ટ સમક્ષ વિચારણા માટે જે પ્રશ્ન આવ્યો હતો તે એ હતો કે શું કલેક્ટર ઓફ કસ્ટમ્સ

સમક્ષની કાર્યવાહી એ ગુનાની ટ્રાયલ માટે સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી અદાલત દ્વારા ચલાવવામાં આવેલી ફોજદારી ટ્રાયલ છે. આ કોર્ટના વિવિધ ચુકાદાઓના વિશ્લેષણ પર, બંધારણીય બેંચ એવા નિષ્કર્ષ પર આવી કે કલેક્ટર ઓફ કસ્ટમ્સ એ ફોજદારી ટ્રાયલ માટે સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી કોર્ટ નથી. સદર ચુકાદામાંથી નીચેના ફકરા પરથી આ સ્પષ્ટ થશે:-

> "તેથી પ્રશ્ન એ છે કે શું તે કાર્યવાહી બંધારણના અનુચ્છેદ ૨૦(૨) હેઠળ પ્રતિબંધિત છે જે જણાવે છે કે કોઈપણ વ્યક્તિ સામે સમાન ગુના માટે એક કરતાં વધુ વખત કાર્યવાહી કરી શકાશે નહીં અને સજા કરી શકાશે નહીં. આ અનુચ્છેદને વિચારાધીન પ્રશ્ન સાથે કોઈ સીધો સંબંધ નથી. દેખીતી રીતે તે આરોપી વ્યક્તિઓ આ અનુચ્છેદમાંથી ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૪૦૩ માં સમાવિષ્ટ ઓટ્રેફોઈસ એક્વિટનો નિયમ મેળવવા માંગે છે. ધારી લઈએ કે આપણે તેમ કરી શકીએ, તો પણ એવું માનવું શક્ય નથી કે કલેક્ટર ઓફ કસ્ટમ્સ સમક્ષની કાર્યવાહી એ ગુના માટેની કાર્યવાહી છે. ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૪૦૩ અથવા અનુચ્છેદ ૨૦(૨) નો લાભ મેળવવા માટે, આરોપી વ્યક્તિ માટે એ સ્થાપિત કરવું જરૂરી છે કે તેના પર કોઈ ગુના માટે "સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી કોર્ટ" દ્વારા ટ્રાયલ ચલાવવામાં આવી હતી અને તેને તે ગુના માટે દોષિત અથવા નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે અને સદર દોષસિદ્ધિ અથવા નિર્દોષ છુટકારો અમલમાં છે....."

૧૪. વર્તમાન કેસમાં, અપીલકર્તાનો એવો કેસ નથી કે તેમની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ટ્રાયલ ચલાવવામાં આવી હતી અને તેથી ફોજદારી કોર્ટ દ્વારા આગળની ટ્રાયલ અનુમતિપાત્ર નથી પરંતુ તેમની રજૂઆત એ છે કે નિર્ણયની કાર્યવાહીમાં તારણને ધ્યાનમાં રાખીને, તેમની સામે સતત કાર્યવાહી એ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ છે. અમે ઉપર જે અવલોકન કર્યું છે તેને ધ્યાનમાં

રાખીને, શ્રી મલ્હોત્રાની રજૂઆત યોગ્યતા વિનાની છે અને જે નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો છે તે કોઈ પણ રીતે તેમની રજૂઆતને સમર્થન આપતો નથી.

૧૫. ત્યારબાદ શ્રી મલ્હોત્રા એવી રજૂઆત કરે છે કે નિર્ણયની કાર્યવાહીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું તારણ ફોજદારી કોર્ટમાં બંધનકર્તા કે પ્રસ્તુત નથી જ્યાં અપીલકર્તા ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. આ રજૂઆતના સમર્થનમાં, બી.એન. કશ્યપ વિરુદ્ધ એમ્પરર એ.આઇ.આર. (૩૨) ૧૯૪૫ લાહોર ૨૩ ના કેસમાં લાહોર હાઈકોર્ટના ફુલ બેંચના નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો છે અને અમારું ધ્યાન નીચેના ફકરા તરફ દોરવામાં આવ્યું છે:

> "મારા મતે એવું કોઈ કારણ નથી કે શા માટે દીવાની કોર્ટના નિર્ણયને, ખાસ કરીને વ્યક્તિગત કાર્યવાહીમાં, તે પવિત્રતા પ્રાપ્ત કરવા દેવી જોઈએ. તે દ્રષ્ટિકોણ માટે કોઈ નક્કર કારણ જણાતું નથી. એવું માનવું કે જ્યારે કોઈ પક્ષકાર પોતાના દાવાની ન્યાયિકતા અંગે દીવાની કોર્ટને સંતુષ્ટ કરવામાં સક્ષમ રહ્યો હોય અને પરિણામે પક્ષકારો પર આખરી અને બંધનકર્તા હોય તેવો હુકમનામો મેળવવામાં સફળ રહ્યો હોય, ત્યારે ફોજદારી અદાલતો માટે દીવાની કોર્ટના તારણો પાછળ જવું ખુલ્લું રહેશે નહીં, તો તે કોઈ પણ માન્ય કારણ વિના દીવાની કોર્ટને આ દેશની વહીવટી વ્યવસ્થામાં વાસ્તવમાં જે સ્થાન ધરાવે છે તેના કરતાં ઘણી ઉચ્ચ સ્થિતિમાં મૂકવા જેવું છે અને તેને માત્ર એવા કેસોની જ સર્વોપરી બનાવવી નથી જેનો નિર્ણય કરવા માટે તેને બોલાવવામાં આવે છે પરંતુ એવા કેસોની પણ સર્વોપરી બનાવવી છે જે નક્કી કરવા માટે તેને બોલાવવામાં આવતી નથી અને જેના પર તેનું વાસ્તવમાં કોઈ નિયંત્રણ નથી. હકીકત એ છે કે બંને કેસોમાં મુદ્દાઓ સમાન તથ્યો પર આધારિત હોવા છતાં (અને કડક રીતે કહીએ તો બંને કાર્યવાહીમાં પક્ષકારો પણ) સમાન નથી અને ફોજદારી કોર્ટની કાર્યવાહીમાં વિલંબ કરવા માટે કોઈ પૂરતું કારણ જણાતું નથી, જે દીવાની કોર્ટ દ્વારા અપ્રભાવિત રહીને, તેના નિર્ણય માટે તેની સમક્ષ ઉપસ્થિત થતા પ્રશ્નોનો નિર્ણય કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે અને જ્યાં બાબતોના સ્વરૂપમાં ઝડપી નિકાલ થવો જ જોઈએ."

અમને શ્રી મલ્હોત્રાની આ રજૂઆતમાં પણ કોઈ વજૂદ જણાતું નથી. અમે નોંધી શકીએ છીએ કે ફોજદારી કેસમાં પુરાવાનું ધોરણ નિર્ણયની કાર્યવાહી કરતાં ઘણું ઊંચું હોય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ નિર્ણયની કાર્યવાહીમાં પોતાનો કેસ સાબિત કરવામાં અસમર્થ રહ્યું છે અને તે જ આક્ષેપ પર અપીલકર્તા નિર્દોષ છૂટ્યા છે. અપીલકર્તા ફોજદારી કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. તેથી, અમારા મતે, નિર્ણયની કાર્યવાહીમાં તથ્યોનું નિર્ધારણ ફોજદારી કેસમાં અપ્રસ્તુત કહી શકાય નહીં. બી.એન. કશ્યપ (ઉપર મુજબ) ના કેસમાં, ફુલ બેંચે ફોજદારી કેસો પર દીવાની કેસમાં હકીકતના તારણની અસર અંગે વિચારણા કરી ન હતી અને તે સદર ચુકાદાના નીચેના ફકરા પરથી સ્પષ્ટ થશે:

> "જોકે, મારે કહેવું જ જોઈએ કે પ્રશ્નનો જવાબ આપતી વખતે, મેં માત્ર એવા દીવાની કેસોનો ઉલ્લેખ કર્યો છે જ્યાં કાર્યવાહી વ્યક્તિગત હોય અને એવા કેસોનો નહીં જ્યાં કાર્યવાહી અથવા પગલાં સર્વગ્રાહી હોય. આવી કાર્યવાહી અથવા પગલાંઓમાં પહોંચેલા હકીકતના તારણ ફોજદારી કેસોમાં પ્રસ્તુત થશે કે કેમ, તે આ કેસમાં મારે નક્કી કરવું બિનજરૂરી છે. જ્યારે તે પ્રશ્ન નિર્ધારણ માટે ઉપસ્થિત થશે, ત્યારે એવિડન્સ એક્ટની કલમ ૪૧ ની જોગવાઈઓની કાળજીપૂર્વક તપાસ કરવી પડશે."

આ કોર્ટને કે.જી. પ્રેમશંકર વિરુદ્ધ ઇન્સ્પેક્ટર ઓફ પોલીસ (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૮૭ ના કેસમાં આ પ્રશ્ન પર વિચાર કરવાની તક મળી હતી, જેમાં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું છે:-

> "**30.** ઉપરોક્ત ચર્ચા પરથી જે ફલિત થાય છે તે છે - (૧) અગાઉનો ચુકાદો જે આખરી છે તેના પર એવિડન્સ એક્ટની કલમો ૪૦ થી ૪૩ હેઠળ પૂરી પાડવામાં આવેલ જોગવાઈ મુજબ આધાર

> રાખી શકાય છે; (૨) તે જ પક્ષકારો વચ્ચેના દીવાની દાવાઓમાં, રેસ જ્યુડિકાટાનો સિદ્ધાંત લાગુ થઈ શકે છે; (૩) ફોજદારી કેસમાં, સીઆરપીસી ની કલમ ૩૦૦ એવી જોગવાઈ કરે છે કે એકવાર કોઈ વ્યક્તિ દોષિત અથવા નિર્દોષ જાહેર થઈ જાય, તો તેમાં ઉલ્લેખિત શરતો સંતોષાય તો તે જ ગુના માટે તેની સામે ફરીથી ટ્રાયલ ચલાવી શકાશે નહીં; (૪) જો ફોજદારી કેસ અને દીવાની કાર્યવાહી સમાન કારણ માટે હોય, તો દીવાની કોર્ટનો ચુકાદો પ્રસ્તુત રહેશે જો કલમો ૪૦ થી ૪૩ માંથી કોઈપણની શરતો સંતોષાય, પરંતુ કલમ ૪૧ માં દર્શાવેલ સિવાય તે નિર્ણાયક રહેશે તેમ કહી શકાય નહીં. કલમ ૪૧ પૂરી પાડે છે કે કયો ચુકાદો તેમાં જણાવેલી બાબતોનો નિર્ણાયક પુરાવો રહેશે."

આથી, અમે શ્રી મલ્હોત્રાની આ રજૂઆતને નકારીએ છીએ.

૧૬. શ્રી મલ્હોત્રા રજૂઆત કરે છે કે નિર્ણયની કાર્યવાહીમાં નોંધાયેલ તારણ ફોજદારી કાર્યવાહી પર બંધનકર્તા નથી કારણ કે બંને કેસોનો નિર્ણય તેમાં રહેલા પુરાવાના આધારે થવો જોઈએ. ઈકબાલ સિંઘ મારવાહ વિરુદ્ધ મીનાક્ષી મારવાહ (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૩૭૦ ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો છે, જેનો પ્રસ્તુત ભાગ નીચે મુજબ છે:-

> "૩૨. છેલ્લી રજૂઆત પર આવતાં કે દીવાની અને ફોજદારી અદાલતો વચ્ચેના તારણોના સંઘર્ષને ટાળવાનો પ્રયાસ કરવો જોઈએ, એ દર્શાવવું જરૂરી છે કે બંને કાર્યવાહીમાં જરૂરી પુરાવાનું ધોરણ તદ્દન અલગ છે. દીવાની કેસો પુરાવાના વજનના આધારે નક્કી કરવામાં આવે છે જ્યારે ફોજદારી કેસમાં સંપૂર્ણ બોજ ફરિયાદપક્ષ પર રહે છે અને વાજબી શંકાથી પર સાબિતી આપવી પડે છે. એવી કોઈ કાયદાકીય જોગવાઈ કે કોઈ કાનૂની સિદ્ધાંત નથી કે એક કાર્યવાહીમાં નોંધાયેલા તારણોને બીજી કાર્યવાહીમાં આખરી અથવા બંધનકર્તા ગણવામાં આવે, કારણ કે બંને કેસોનો નિર્ણય તેમાં રજૂ કરાયેલા પુરાવાના આધારે કરવાનો હોય છે...."

શ્રી મલ્હોત્રાની વ્યાપક રજૂઆતને સ્વીકારવામાં અમને સહેજ પણ સંકોચ નથી કે નિર્ણયની કાર્યવાહીનું તારણ ફોજદારી કાર્યવાહી માટેની કાર્યવાહીમાં બંધનકર્તા નથી. નિર્ણયની કાર્યવાહીમાં દંડ ચૂકવવા માટે જવાબદાર ઠરેલ વ્યક્તિ ફોજદારી ટ્રાયલમાં દોષિત જ ઠરે તે જરૂરી નથી. નિર્ણયની કાર્યવાહી થોડા ઉચ્ચ સ્તરના પુરાવાના વજનના આધારે નક્કી કરવામાં આવે છે જ્યારે ફોજદારી કેસમાં તમામ વાજબી શંકાથી પર સાબિત કરવાનો સંપૂર્ણ બોજ ફરિયાદપક્ષ પર રહે છે. શ્રી મલ્હોત્રા દ્વારા આધાર રાખવામાં આવેલા ઈકબાલ સિંઘ મારવાહ (ઉપર મુજબ) ના કેસમાં, જે પ્રશ્ન વિચારણા માટે આવ્યો હતો તે એ હતો કે જ્યારે પ્રોબેટ કેસમાં આરોપી દ્વારા રજૂ કરાયેલ વસિયતનામું બનાવટી હોવાનો આક્ષેપ કરતી ફરિયાદ દાખલ કરવામાં આવે ત્યારે શું કલમ ૧૯૫(૧)(બી)(૧) અને (૨) હેઠળનો પ્રતિબંધ સંજ્ઞાન લેવા માટે લાગુ પડે છે અને એવું ઠેરવતી વખતે કે જો વસિયતનામું કોર્ટમાં રજૂ કરતાં પહેલાં બનાવટી બનાવવામાં આવ્યું હોય તો તે પ્રતિબંધ લાગુ થશે નહીં, આથી આ કોર્ટના ઉપરોક્ત અવલોકનને આ કેસના તથ્યો અને સંજોગો સાથે કોઈ સંબંધ નથી.

૧૭. એ સર્વવિદિત છે કે નિર્ણય કરનાર સત્તાધિકારી સમક્ષ જરૂરી પુરાવાના ધોરણ કરતાં ફોજદારી કાર્યવાહીમાં જરૂરી પુરાવાનું ધોરણ ઊંચું હોય છે અને જો નિર્ણાયક સત્તાધિકારી સમક્ષ આરોપી નિર્દોષ છૂટી જાય તો શું સમાન તથ્યો પર તેની સામે કાર્યવાહી ચલાવવાની મંજૂરી આપી શકાય કે નહીં તે ચોક્કસ પ્રશ્ન છે જે આ કેસમાં નિર્ધારણ માટે આવે છે. આ સંદર્ભમાં ધ ઈનકમ–

ટેક્સ એક્ટ ના સંબંધમાં આ કોર્ટના ચુકાદાઓ છે. આ શ્રેણીમાં પ્રથમ ઉત્તમ ચંદ અને અન્ય વિરુદ્ધ ઇનકમ ટેક્સ ઓફિસર, સેન્ટ્રલ સર્કલ, અમૃતસર (૧૯૮૨) ૨ એસ.સી.સી. ૫૭૩ ના કેસમાં આ કોર્ટનો ચુકાદો છે જેમાં પેઢીની નોંધણી અસલી ન હોવાના આધાર પર રદ કરવામાં આવી હતી અને ખોટું રિટર્ન ફાઇલ કરવા બદલ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જોકે, અપીલમાં, ઇનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલે તારણ ઉલટાવ્યું અને પેઢીને અસલી ગણાવી. તેના પર આધાર રાખીને, આ કોર્ટે અન્ય બાબતો સાથે નીચે મુજબ અવલોકન કરીને કાર્યવાહી રદ કરી:

> "૧. વકીલને સાંભળ્યા, ઇનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા નોંધાયેલા તારણને ધ્યાનમાં રાખીને વિશેષ પરવાનગી આપવામાં આવી કે રેકર્ડ પરની સમગ્ર સામગ્રીના મૂલ્યાંકન પરથી સ્પષ્ટ હતું અને શ્રીમતી જનક રાણી આકારણી પાત્ર પેઢીના ભાગીદાર હતા અને પેઢી અસલી પેઢી હતી, અમને સમજાતું નથી કે ખોટા રિટર્ન ફાઇલ કરવા બદલ આકારણી પાત્ર સામે કેવી રીતે કાર્યવાહી ચલાવી શકાય. અમે, તદનુસાર, આ અપીલ મંજૂર કરીએ છીએ અને કાર્યવાહી રદ કરીએ છીએ.
>
> ૨. ખર્ચ અંગે કોઈ હુકમ રહેશે નહીં."

જી.એલ. દિદવાણિયા અને અન્ય વિરુદ્ધ ઇનકમ ટેક્સ ઓફિસર અને અન્ય ૧૯૯૫ સપ્લીમેન્ટરી (૨) એસ.સી.સી. ૭૨૪ ના કેસમાં, ઇનકમ–ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા આકારણી કરનાર સત્તાધિકારીના હુકમને રદ કરવા પર જેના કારણે આકારણી પાત્ર સામે કાર્યવાહી શરૂ થઈ હતી, આ કોર્ટે કાર્યવાહી અનુમતિપાત્ર નથી તેમ ઠેરવ્યું અને તેમ કરતી વખતે નીચે મુજબ અવલોકન કર્યું:

"૪. હાલના કેસમાં, કેસનો મુખ્ય મુદ્દો લાગુ પડે છે અને શું ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમને ધ્યાનમાં રાખીને કાર્યવાહી ટકાવી શકાય. ઉપર નોંધ્યા મુજબ, આકારણી સત્તાધિકારીએ ઠેરવ્યું કે અપીલકર્તા–આકારણી પાત્રે મેસર્સ યંગ ઈન્ડિયા એન્ડ ટ્રાન્સપોર્ટ કંપનીની આવક સંબંધિત ખોટું નિવેદન કર્યું હતું અને તે તારણ ઇનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા રદ કરવામાં આવ્યું છે. જો તે સ્થિતિ હોય તો અમે એ જોવામાં અસમર્થ છીએ કે ફોજદારી કાર્યવાહી કેવી રીતે ટકાવી શકાય."

કે.સી. બિલ્ડર્સ અને અન્ય વિરુદ્ધ આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઇનકમ ટેક્સ (૨૦૦૪) ૨ એસ.સી.સી. ૭૩૧ ના કેસમાં આ કોર્ટ દ્વારા સમાન દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે, જેમાં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું છે:

"૨૬. અમારા મતે, એકવાર ટ્રિબ્યુનલ દ્વારા છુપાવવાના તારણ અને ત્યારબાદ સદર અધિનિયમની કલમ ૨૭૧(૧)(સી) હેઠળ દંડ લાદવાને રદ કરવામાં આવ્યા પછી, આકારણી અધિકારી પાસે ટ્રિબ્યુનલના નિર્દેશો મુજબ સદર અધિનિયમની કલમ ૧૫૪ હેઠળ પોતાના હુકમમાં સુધારો કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. પહેલેથી જ નોંધ્યા મુજબ, આ કોર્ટ સમક્ષ ફરિયાદનો વિષય આકારણી અધિકારીના તારણના આધારે પહોંચેલી આવકની છુપવણી છે. જો ટ્રિબ્યુનલે છુપવણી અને દંડનો હુકમ રદ કર્યો હોય, તો કાયદાની નજરમાં કોઈ છુપવણી નથી અને તેથી, ફરિયાદકર્તા દ્વારા કાર્યવાહી આગળ વધારી શકાતી નથી અને આગળની કાર્યવાહી ગેરકાયદેસર અને અધિકારક્ષેત્ર વિનાની રહેશે. આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઇનકમ ટેક્સ ટ્રિબ્યુનલ દ્વારા છુપવણીનો હુકમ રદ કર્યા પછી પણ કાર્યવાહી આગળ વધારી શકતા નથી. જ્યારે ટ્રિબ્યુનલે દંડ લાદવાનું રદ કર્યું છે, ત્યારે અપીલકર્તાઓ સામેની ફોજદારી કાર્યવાહી આગળની વિચારણા માટે ટકી શકે નહીં. અમારા મતે, હાઇકોર્ટે એવો દ્રષ્ટિકોણ અપનાવ્યો છે કે આરોપો ઘડવામાં આવ્યા છે અને કેસ આગળની ઊલટતપાસના તબક્કે છે અને તેથી, ફરિયાદ પક્ષ ટ્રાયલ સાથે આગળ વધી શકે છે. અમારા મતે, વિદ્વાન મેજિસ્ટ્રેટ અને હાઇકોર્ટ દ્વારા લેવાયેલો દ્રષ્ટિકોણ ભ્રામક છે. અમારા મતે, જો ટ્રિબ્યુનલના હુકમ અને પરિણામે દંડ રદ થયા પછી ટ્રાયલ આગળ વધવા દેવામાં આવે, તો અપીલકર્તાઓ પાસે ટ્રિબ્યુનલના હુકમને બચાવ દસ્તાવેજ તરીકે રજૂ કરાવવાની જરૂરિયાત એક નિરર્થક અને પોકળ

> ઔપચારિકતા રહેશે કારણ કે ઉપરોક્ત મુજબ હુકમ પસાર કરવો અસમર્થનીય અને પ્રશ્નાતીત છે."

૧૮. શ્રી શરણ એવી રજૂઆત કરે છે કે ઉપરોક્ત સિદ્ધાંત સદર અધિનિયમ હેઠળની કાર્યવાહીમાં સમાન બળ સાથે લાગુ થશે કારણ કે કાર્યવાહી રદ કરવા માટે આ ચુકાદાઓ જે મૂળભૂત સિદ્ધાંતની નોંધ લે છે તે નિર્ણયની કાર્યવાહી કરતાં ફોજદારી કેસમાં જરૂરી પુરાવાનું ઉચ્ચ ધોરણ છે અને તે નિષ્કર્ષ પર પહોંચવા માટે ધ ઈનકમ–ટેક્સ એક્ટ ની જોગવાઈઓનો બિલકુલ સંદર્ભ લેવામાં આવ્યો નથી. એડિશનલ સોલિસિટર જનરલ શ્રી પી.પી. મલ્હોત્રા નિર્દેશ કરે છે કે ઉપર સંદર્ભિત નિર્ણયો ધ ઈનકમ–ટેક્સ એક્ટ હેઠળની કાર્યવાહી સાથે સંબંધિત છે અને દેખીતી રીતે સદર અધિનિયમની કોઈપણ જોગવાઈઓ, ખાસ કરીને સદર અધિનિયમની કલમો ૫૦, ૫૧ અને ૫૬ નો ઉલ્લેખ કર્યો નથી અને તેથી તેમની રજૂઆતમાં આ નિર્ણયો હાલના કેસના તથ્યો પર કોઈ અસર કરશે નહીં.

૧૯. અમને શ્રી શરણની રજૂઆતમાં તથ્ય જણાય છે. સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક (ઉપર મુજબ) અને એલ.આર. મેલવાની (ઉપર મુજબ) ના કેસના દ્રષ્ટિકોણો, જેમાં એવું ઠેરવવામાં આવ્યું છે કે નિર્ણયની કાર્યવાહી અને ફોજદારી કાર્યવાહી એ બે સ્વતંત્ર કાર્યવાહી છે અને બંને એકસાથે ચાલી શકે છે અને નિર્ણયની કાર્યવાહીનું તારણ ફોજદારી કાર્યવાહી પર બંધનકર્તા નથી, અને આ કોર્ટના ઉત્તમ ચંદ (ઉપર મુજબ), જી.એલ. દિદવાણિયા (ઉપર મુજબ) અને કે.સી.

બિલ્ડર્સ (ઉપર મુજબ) ના કેસોના ચુકાદાઓ, જેમાં આ કોર્ટે એવો દ્રષ્ટિકોણ અપનાવ્યો હતો કે જ્યારે નિર્ણયની કાર્યવાહીમાં વ્યક્તિને નિર્દોષ જાહેર કરતું સ્પષ્ટ તારણ હોય જે બંધનકર્તા અને નિર્ણાયક હોય, ત્યારે કાર્યવાહી ચાલુ રાખવા દેવાય નહીં, તે બંને વચ્ચે થોડો વિરોધાભાસ જણાઈ શકે છે. આ કોર્ટના ચુકાદાઓને કાયદા તરીકે વાંચવાના નથી અને જ્યારે તે દ્રષ્ટિકોણથી જોવામાં આવે ત્યારે આ બે શ્રેણીના નિર્ણયો વચ્ચે કોઈ વિરોધાભાસ જણાતો નથી. સિદ્ધાંત મુજબ એનાથી કોઈ ફરક પડશે નહીં કે પછીના ચુકાદાઓ ધ ઇનકમ ટેક્સ એક્ટ હેઠળના કેસો સાથે સંબંધિત છે. આ નિર્ણયોમાંથી જે સિદ્ધાંત તારવી શકાય છે તે વ્યાપકપણે નીચે મુજબ દર્શાવી શકાય છે:–

(૧) નિર્ણયની કાર્યવાહી અને ફોજદારી કાર્યવાહી એકસાથે શરૂ કરી શકાય છે;

(૨) ફોજદારી કાર્યવાહી શરૂ કરતા પહેલા નિર્ણયની કાર્યવાહીમાં નિર્ણય જરૂરી નથી;

(૩) નિર્ણયની કાર્યવાહી અને ફોજદારી કાર્યવાહી સ્વભાવે એકબીજાથી સ્વતંત્ર છે;

(૪) નિર્ણયની કાર્યવાહીમાં કાર્યવાહીનો સામનો કરી રહેલ વ્યક્તિ વિરુદ્ધનું તારણ ફોજદારી કાર્યવાહી માટેની કાર્યવાહી પર બંધનકર્તા નથી;

(૫) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નિર્ણયની કાર્યવાહી એ બંધારણના અનુચ્છેદ ૨૦(૨) અથવા ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર ની કલમ ૩૦૦ ની જોગવાઈઓને લાગુ કરવા માટે કાયદાની સક્ષમ અદાલત દ્વારા ચલાવવામાં આવેલી કાર્યવાહી નથી;

(૬) સમાન ઉલ્લંઘન માટે ટ્રાયલનો સામનો કરી રહેલ વ્યક્તિની તરફેણમાં નિર્ણયની કાર્યવાહીનું તારણ તારણના સ્વરૂપ પર આધારિત રહેશે. જો નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ છુટકારો તકનીકી આધાર પર હોય અને ગુણદોષના આધારે ન હોય, તો કાર્યવાહી ચાલુ રહી શકે છે; અને

(૭) જોકે, ગુણદોષના આધારે નિર્દોષ છુટકારાના કિસ્સામાં જ્યાં આક્ષેપ બિલકુલ ટકી શકે તેમ ન હોવાનું જણાયું હોય અને વ્યક્તિને નિર્દોષ ઠેરવવામાં આવી હોય, તે જ સમાન તથ્યો અને સંજોગો પર ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપી શકાતી નથી, જેનો મૂળભૂત સિદ્ધાંત ફોજદારી કેસોમાં પુરાવાનું ઉચ્ચ ધોરણ છે.

અમારા મતે, તેથી, માપદંડ એ નક્કી કરવાનો રહેશે કે શું નિર્ણયની કાર્યવાહી તેમજ કાર્યવાહી માટેની કાર્યવાહીમાં આક્ષેપ સમાન છે અને નિર્ણયની કાર્યવાહીમાં સંબંધિત વ્યક્તિનો નિર્દોષ છુટકારો ગુણદોષના આધારે છે. જો

નિર્ણયની કાર્યવાહીમાં ગુણદોષના આધારે એવું જણાય કે સદર અધિનિયમની જોગવાઈઓનું કોઈ ઉલ્લંઘન થયું નથી, તો સંબંધિત વ્યક્તિ સામેની ટ્રાયલ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે.

૨૦. શ્રી મલ્હોત્રાની રજૂઆતમાં આ બાબત સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટના નિર્ણય દ્વારા સંપૂર્ણપણે આવરી લેવામાં આવી છે જે રજૂઆતને વિદ્વાન બંધુ સદાશિવમ, ન્યાયમૂર્તી એ માન્ય રાખી છે. અમે સદર કેસના તારણ અને પૃષ્ઠભૂમિને થોડી વિગતવાર ધ્યાનમાં લેવાનું યોગ્ય માનીએ છીએ. સદર કેસમાં સદર અધિનિયમની કેટલીક જોગવાઈઓના ઉલ્લંઘનનો આક્ષેપ કરીને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને તેના અધિકારીઓને નોટિસ પાઠવી હતી કે તેમની સામે સદર અધિનિયમની કલમ ૫૦ હેઠળ દંડ લાદવાની કાર્યવાહી કેમ શરૂ ન કરવી. તેમાં સામેલ વ્યવહાર માટે સંબંધિત સત્તાધિકારી પાસેથી જરૂરી પરવાનગી રજૂ કરવા માટે સદર અધિનિયમની કલમ ૬૧ હેઠળ તેમને વધુ નોટિસો પણ જારી કરવામાં આવી હતી. સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને તેના અધિકારીઓએ બોમ્બે હાઇકોર્ટમાં રિટ અરજીઓ દાખલ કરીને સદર અધિનિયમની કલમો ૫૦, ૫૧ અને ૬૮ ની બંધારણીય કાયદેસરતાને પડકારી હતી. બોમ્બે હાઇકોર્ટે સદર અધિનિયમની ઉપરોક્ત જોગવાઈઓની બંધારણીય કાયદેસરતા માન્ય રાખી હતી પરંતુ તે જ સમયે અવલોકન કર્યું હતું કે સદર અધિનિયમની કલમ ૬૮(૧) નિર્ણયની કાર્યવાહીને લાગુ પડશે નહીં અને તે સદર અધિનિયમ હેઠળની કાર્યવાહી પૂરતી

મર્યાદિત છે. સદર અધિનિયમની વાદગ્રસ્ત જોગવાઈઓની બંધારણીય કાયદેસરતાને માન્ય રાખતા બોમ્બે હાઇકોર્ટના ચુકાદાથી નારાજ થયેલી બેંક અને તેના અધિકારીઓ અને કોર્ટના અવલોકનથી અસંતુષ્ટ યુનિયન ઓફ ઇન્ડિયા, જેના દ્વારા તેણે સદર અધિનિયમની કલમ ૬૮(૧) નો અમલ માત્ર ફોજદારી કાર્યવાહી પૂરતો મર્યાદિત રાખ્યો હતો, તેમણે સુપ્રિમ કોર્ટ સમક્ષ અલગ-અલગ અપીલો દાખલ કરી હતી. આ કોર્ટે સદર અધિનિયમની ઉપરોક્ત જોગવાઈઓની બંધારણીય કાયદેસરતા સંબંધિત બોમ્બે હાઇકોર્ટના નિર્ણયને બહાલ રાખ્યો અને તે મુજબ બેંક અને તેના અધિંકારીઓ દ્વારા દાખલ કરવામા આવેલી અપીલો ફગાવી દીધી. જોકે, આ કોર્ટે સદર અધિનિયમની કલમ ૬૮(૧) ની લાગુ પડવાની બાબત અંગે બોમ્બે હાઇકોર્ટના દ્રષ્ટિકોણને ઉલટાવ્યો અને ઠેરવ્યું કે તે નિર્ણયની કાર્યવાહી તેમજ સદર અધિનિયમ હેઠળ કાર્યવાહી માટેની કાર્યવાહી બંનેને લાગુ પડશે. હાલના કેસમાં આપણે આ બેમાંથી કોઈ પણ મુદ્દા સાથે સંબંધ ધરાવતા નથી.

૨૧. ઉપરોક્ત કેસમાં ઉઠાવવામાં આવેલી અન્ય એક દલીલ એ હતી કે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણયની કાર્યવાહી પૂર્ણ થાય તે પહેલાં સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. સદર કેસમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે નિર્ણયની કાર્યવાહીમાં સદર અધિનિયમની જોગવાઈના ઉલ્લંઘન અને પરિણામે દંડ લાદવા અંગેનું તારણ હોવું જોઈએ અને ત્યાર પછી જ તે તારણોના આધારે સદર અધિનિયમની કલમ ૫૬

હેઠળ કાર્યવાહી શરૂ કરી શકાય. યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા સદર અધિનિયમની કલમ ૫૬ માં "નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવાને બાધ આવ્યા વિના" શબ્દો પર આધાર રાખીને તેનો વિરોધ કરવામાં આવ્યો હતો અને એવી રજૂઆત કરવામાં આવી હતી કે ફોજદારી કાર્યવાહી નિર્ણયની કાર્યવાહીના પરિણામ સુધી રાહ જોઈ શકે નહીં. ઉપરોક્ત દલીલના સંદર્ભમાં આ કોર્ટે અવલોકન કર્યું કે સદર અધિનિયમની કલમો ૫૧ અને ૫૬ હેઠળની કાર્યવાહી એકબીજાથી સ્વતંત્ર કાર્યવાહી છે અને તે એકસાથે શરૂ કરી શકાય છે અને નિર્ણયની કાર્યવાહીનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી માટેની કાર્યવાહીમાં કોર્ટ પર બંધનકર્તા નથી. નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ છુટકારાના તારણની ફોજદારી કાર્યવાહી પર શું અસર થાય છે તે કોઈ મુદ્દો ન હતો અને તેથી, વિચારણા હેઠળના ચુકાદાથી આ પ્રશ્નનો નિર્ણય થયો હોવાનું કહી શકાય નહીં જેની સાથે આપણે હાલની અપીલમાં સંબંધ ધરાવીએ છીએ.

૨૨. બોમ્બે હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજને ક્રિમિનલ એપ્લિકેશન નંબર ૧૦૭૦/૧૯૯૯ (હેમેન્દ્ર એમ. કોઠારી વિરુદ્ધ શ્રી ડબલ્યુ.એસ. વૈગણકર, આસિસ્ટન્ટ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ફેરા), ભારત સરકાર અને મહારાષ્ટ્ર રાજ્ય), તારીખ ૨૫.૦૪.૨૦૦૭ ના રોજ નિર્ણિત, માં ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ હેઠળના એક કેસમાં આ પ્રશ્ન પર વિચાર કરવાની તક મળી હતી અને આ કોર્ટ અને અન્ય અદાલતોના મોટી સંખ્યામાં નિર્ણયોની સમીક્ષા કર્યા પછી તે નીચેના નિષ્કર્ષ પર આવ્યા હતા:-

"૨૧. એ નોંધી શકાય કે વર્તમાન કેસમાં અરજદારને નિર્ણયની કાર્યવાહીમાં ડેપ્યુટી ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ દ્વારા, જેઓ નિર્ણાયક સત્તાધિકારી હતા, નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. સ્વીકાર્ય રીતે તે હુકમને સામાવાળા દ્વારા અપીલમાં પડકારવામાં આવ્યો ન હતો અને આમ તે હુકમ આખરી બન્યો છે. મેં પહેલેથી જ નિર્ણાયક સત્તાધિકારીના તથ્યો અને તારણો વિગતવાર નોંધ્યા છે. નિર્ણાયક સત્તાધિકારી સ્પષ્ટપણે એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે વર્તમાન અરજદારને ફેરા ની જોગવાઈઓના ઉલ્લંઘન માટે દોષિત ઠેરવવા માટે કોઈ સામગ્રી ન હતી અને તેઓ સંપૂર્ણપણે નિર્દોષ છૂટ્યા હતા. જ્યારે નિર્ણાયક સત્તાર્ધિકારી સમક્ષની ખાતાકીય કાય વાહીમાં વિભાગ આરોપો સાબિત કરી શક્યો નહીં, ત્યારે વિભાગ ફોજદારી કોર્ટ સમક્ષ તે જ આરોપો કેવી રીતે સાબિત કરી શકે તેની કલ્પના કરવી મુશ્કેલ છે જ્યારે પુરાવાનું ધોરણ ખાતાકીય કાર્યવાહીમાં જરૂરી પુરાવાના ધોરણ કરતાં ઘણું ઊંચું અને કડક હોઈ શકે છે."

દિલ્હી હાઈકોર્ટે પણ સુનિલ ગુલાટી અને અન્ય વિરુદ્ધ આર.કે. વોહરા ૧૪૫ (૨૦૦૭) ડી.એલ.ટી. ૬૧૨ ના કેસમાં ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ હેઠળના કેસમાંથી ઉદ્ભવતા આ પ્રશ્ન પર વિગતવાર વિચારણા કરી હતી અને નીચે મુજબ ઠેરવ્યું હતું:-

"તેનાથી વિપરીત પરિસ્થિતિના કિસ્સામાં એટલે કે જ્યાં સક્ષમ સત્તાવાળાઓ/ટ્રિબ્યુનલ દ્વારા નિર્ણયની કાર્યવાહીમાં આરોપી વ્યક્તિઓને નિર્દોષ જાહેર કરવામાં આવે છે, ત્યારે આ ફોજદારી કાર્યવાહી હજુ પણ ચાલુ રાખવી જોઈએ કે કેમ તે નક્કી કરવા માટે આવા નિર્દોષ છુટકારાના કારણો જોવા પડશે. જો ખાતાકીય નિર્ણયમાં નિર્દોષ છુટકારો તકનીકી આધાર પર અથવા શંકાનો લાભ આપીને થયો હોય અને ગુણદોષના આધારે ન થયો હોય અથવા નિર્ણયની કાર્યવાહી અલગ તથ્યો પર હોય, તો તેની ફોજદારી કાર્યવાહી પર કોઈ અસર થશે નહીં. જો, બીજી બાજુ, નિર્ણયની કાર્યવાહીમાં નિર્દોષ છુટકારો ગુણદોષના આધારે હોય અને સંબંધિત વ્યક્તિ(ઓ) નિર્દોષ હોય, અને ફોજદારી કાર્યવાહી પણ તે જ સમાન તથ્યો અને સંજોગો પર હોય, તો ફોજદારી

> કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપી શકાતી નથી. કારણ સ્પષ્ટ છે કે આરોપી વ્યક્તિઓ તરફથી અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન/ભંગનો આક્ષેપ કરીને વિભાગીય સત્તાવાળાઓ દ્વારા ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવે છે. જોકે, જો ખુદ વિભાગીય સત્તાવાળાઓ, નિર્ણયની કાર્યવાહીમાં, સ્પષ્ટ અને અસંદિગ્ધ તારણ નોંધે છે કે અધિનિયમની જોગવાઈઓનું આવું કોઈ ઉલ્લંઘન નથી, તો આવા વિભાગીય સત્તાવાળાઓ માટે ફોજદારી ફરિયાદ ચાલુ રાખવી અને એવું કહેવું અયોગ્ય રહેશે કે આરોપી વ્યક્તિઓ પર ફોજદારી જવાબદારી લાદવા માટે પૂરતા પુરાવા છે જ્યારે ખાતાકીય કાર્યવાહીમાં એવું કહેવામાં આવ્યું છે કે પ્રથમ દ્રષ્ટિએ આવું કોઈ ઉલ્લંઘન નથી. તેથી, માપદંડ એ જોવાનો રહેશે કે શું ખાતાકીય કાર્યવાહી તેમજ ફોજદારી ફરિયાદમાં આરોપો સમાન છે અને ખાતાકીય કાર્યવાહીમાં સંબંધિત વ્યક્તિનો નિર્દોષ છુટકારો કોઈપણ અધિનિયમની જોગવાઈઓનું કોઈ ઉલ્લંઘન ન હોવાનું ઠેરવીને ગુણદોષના આધારે છે."

અમે હેમેન્દ્ર એમ. કોઠારી (ઉપર મુજબ) ના કેસમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા અને સુનિલ ગુલાટી (ઉપર મુજબ) માં દિલ્હી હાઈકોર્ટ દ્વારા અપનાવવામાં આવેલા દ્રષ્ટિકોણને આદરપૂર્વક સમર્થન આપીએ છીએ.

૨૩. ઉપરોક્ત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને અમે અપીલકર્તાના કેસ પર વિચાર કરવા આગળ વધીએ છીએ. નિર્ણયની કાર્યવાહીમાં ગુણદોષના આધારે નિર્ણાયક સત્તાધિકારીએ સ્પષ્ટપણે ઠેરવ્યું છે કે "શ્રી રાધેશ્યામ કેજરીવાલ સામે ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ ની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમ ૯(૧)(એફ)(૧) અને કલમ ૮(૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલના આરોપો ટકી શકે તેમ નથી". નિર્ણયની કાર્યવાહીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના ઉપરોક્ત તારણ સામે કે સદર અધિનિયમની કોઈપણ

જોગવાઈઓનું કોઈ ઉલ્લંઘન થયું નથી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપવી અયોગ્ય અને કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે.

૨૪. પરિણામે અપીલ મંજૂર કરવામાં આવે છે, વિદ્વાન મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટનો વાદગ્રસ્ત ચુકાદો અને હાઈકોર્ટ દ્વારા તેને બહાલી આપતો હુકમ રદ કરવામાં આવે છે અને અપીલકર્તા સામેની કાર્યવાહી રદ કરવામાં આવે છે.

પી. સદાશિવમ, ન્યાયમૂર્તી ૧. આ અપીલ સી.આર.આર. નંબર ૩૫૯૩/૧૯૯૭ માં કલકત્તા હાઈકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૧૦.૦૮.૨૦૦૧ ના આખરી ચુકાદા અને હુકમ સામે દાખલ કરવામાં આવી છે જેના દ્વારા હાઇકોર્ટના વિદ્વાન સિંગલ જજે ૯ મા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કલકત્તાની કોર્ટમાં પેન્ડિંગ ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૭૩ (જે હવે પછી "ફેરા" તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૫૬ હેઠળ ફરિયાદ કેસ નંબર ૯૬૫/૧૯૯૫ દ્વારા તેમની સામે શરૂ કરાયેલી ફોજદારી કાર્યવાહી રદ કરવા માટે ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (જે હવે પછી 'ધ કોડ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમો ૪૦૧ અને ૪૮૨ હેઠળ હાલના અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દીધી હતી.

૨. ટૂંકા તથ્યો:

(એ) તારીખ ૦૭.૦૫.૧૯૯૩ ના રોજ, સ્પેશિયલ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ફેરા, ભારત સરકાર, નવી દિલ્હી દ્વારા હાલના અપીલકર્તા સહિત

પાંચ વ્યક્તિઓને ફેરા ની કલમો ૮(૨) અને ૯(૧)(એફ)(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ કલમ ૫૦ હેઠળ દંડનો નિર્ણય કરવાના હેતુથી ફેરા ની કલમ ૫૧ હેઠળ તપાસ હાથ ધરવા માટે નંબર ટી–૪/૨–સી/૯૩ વાળી કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હતી, જે જોગવાઈ કરે છે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની વિશેષ પરવાનગી વિના કોઈ પણ વ્યક્તિ કોઈ ચુકવણી કરશે નહીં કે પ્રાપ્ત કરશે નહીં. કલકત્તા ખાતે એક શ્રી પિયુષ કુમાર બરોડિયાના પરિસરમાં તપાસ હાથ ધરવામાં આવી હતી જ્યાંથી ટેલિફોન ડાયરી સહિત કેટલાક દસ્તાવેજો મળી આવ્યા હતા. અન્ય કેટલીક વ્યક્તિઓ સામે મળેલા કેટલાક વાંધાજનક દસ્તાવેજો ઉપરાંત, હાલના અપીલકર્તાના નામને મળતી આવતી કેટલીક એન્ટ્રીઓ પણ મળી આવી હતી. કેટલીક વ્યક્તિઓની પૂછપરછ કર્યા પછી, વિભાગ એવા નિષ્કર્ષ પર આવ્યો કે પિયુષ કુમાર બરોડિયા ભારતમાં ભારતીય ચલણમાં નાણાં મેળવીને વિદેશમાં ડોલર પૂરા પાડવાના વ્યવહારમાં સંકળાયેલા હતા. તેઓ બોમ્બે ખાતે રહેતા તેમના નાના ભાઈ મારફતે નાણાં મોકલતા હતા, જે બદલામાં તે નાણાં એક શ્રી બાબુભાઈ ઉમેદમલ જૈન ઉર્ફે ભણસાલીને આપતા હતા અને ભણસાલી તે નાણાં લંડન ખાતે એક શ્રી અનિલભાઈને મોકલતા હતા અને અનિલભાઈ વિદેશમાં આવી ઇચ્છુક વ્યક્તિઓના એજન્ટોને સમકક્ષ રકમનું વિદેશી હૂંડિયામણ પહોંચાડતા હતા.

(બી) તારીખ ૦૯.૧૨.૧૯૯૪ ના રોજ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તારીખ ૦૭.૦૫.૧૯૯૩ ની નોટિસના જવાબમાં હાલના અપીલકર્તા તરફથી જવાબ મળે

તે પહેલાં, ફેરા ની જોગવાઈઓના ઉલ્લંઘનને કારણે આચરવામાં આવેલા ગુનાઓની સંજ્ઞાન લેવા માટે ફેરા ની કલમ ૬૧ હેઠળ બીજી કારણદર્શક નોટિસ જારી કરી હતી. તારીખ ૦૭.૦૯.૧૯૯૫ ના રોજ, બે નોટિસો, એક દંડની કાર્યવાહીના નિર્ણય માટે કલમ ૫૧ હેઠળ અને બીજી ગુનાની સંજ્ઞાન લેવા માટે કલમ ૬૧ હેઠળ, ના જવાબમાં અપીલકર્તાના જવાબની રાહ જોયા વિના, વિભાગ દ્વારા ફેરા ની કલમો ૮(૨) અને ૯(૧)(એફ)(૧) માં સમાવિષ્ટ જોગવાઈઓના ઉલ્લંઘનનો આક્ષેપ કરીને ફેરા ની કલમ ૫૬ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સમગ્ર રેકર્ડ અને પુરાવાઓનું અવલોકન કર્યા પછી સ્પેશિયલ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ફેરા, નવી દિલ્હીએ તારીખ ૧૮.૧૧.૧૯૯૬ ના હુકમ દ્વારા અપીલકર્તાને એવું ઠેરવીને નિર્દોષ જાહેર કર્યા કે કોઈ દંડ લાદી શકાય નહીં કારણ કે અપીલકર્તાને ફેરા ની કોઈપણ જોગવાઈઓના ઉલ્લંઘન સાથે જોડવા માટે કોઈ યોગ્ય પુરાવો નથી અને તે મુજબ કાર્યવાહી પડતી મૂકવાનો નિર્દેશ આપ્યો અને નોટિસો રદ કરી.

(સી) સ્પેશિયલ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આખરી નિર્ણય પછી કોઈ ટ્રાયલ યોગ્ય મુદ્દો ન રહ્યો હોવા છતાં, વિભાગ દ્વારા ફોજદારી કાર્યવાહી પડતી મૂકવામાં આવી ન હતી. તારીખ ૨૭.૦૩.૧૯૯૭ ના રોજ, અપીલકર્તાએ કાર્યવાહી પડતી મૂકવા માટે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કલકત્તા સમક્ષ અરજી દાખલ કરી હતી. તારીખ ૦૨.૦૯.૧૯૯૭ ના હુકમ દ્વારા, મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે સદર અરજી ફગાવી દીધી અને ઠેરવ્યું કે ફોજદારી કેસ

સાથે આગળ વધવા માટે કોઈ પ્રતિબંધ નથી કારણ કે ફેરા બોર્ડ સમક્ષની કાર્યવાહી અલગ છે.

(ડી) સદર હુકમથી વ્યથિત થઈને, તારીખ ૦૪.૧૨.૧૯૯૭ ના રોજ, અપીલકર્તાએ ફોજદારી કાર્યવાહી રદ કરવા માટે કલકત્તા હાઈકોર્ટ સમક્ષ ધ કોડ ની કલમો ૪૦૧ અને ૪૮૨ હેઠળ અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે, તારીખ ૧૦.૦૮.૨૦૦૧ ના વાદગ્રસ્ત હુકમ દ્વારા, ફોજદારી કાર્યવાહી રદ કરવાની અરજ ફગાવી દીધી હતી. સદર હુકમ સામે, અપીલકર્તાએ આ કોર્ટ સમક્ષ વિશેષ પરવાનગી દ્વારા આ અપીલ દાખલ કરી છે.

૩. અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અમરેન્દ્ર શરણ અને સામાવાળાઓ તરફે વિદ્વાન એ.એસ.જી. શ્રી પી.પી. મલ્હોત્રાને સાંભળ્યા.

૪. આ અપીલમાં વિચારણા માટે ઊભો થતો મુખ્ય પ્રશ્ન એ છે કે શું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) ફેરા તે જ સમાન તથ્યો અને ફરિયાદના કારણ પર ફેરા ની કલમ ૫૬ હેઠળની કાર્યવાહીમાં અપીલકર્તા સામે કાર્યવાહી ચલાવી શકે છે, જ્યારે સામાવાળા–નિર્ણાયક સત્તાધિકારીએ ફેરા ની કલમ ૫૦ હેઠળ ઘડવામાં આવેલા આરોપો પડતા મૂક્યા હોય.

૫. મેં અગાઉના ફકરાઓમાં તથ્યપૂર્ણ વિગતો ટૂંકમાં જણાવી હોવાથી, તેનું ફરીથી પુનરાવર્તન કરવાની જરૂર નથી. જોકે, એ નિર્વિવાદ છે કે એક વેપારી એવા અપીલકર્તાના રહેણાંક પરિસરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કચેરી દ્વારા તારીખ ૨૨.૦૫.૧૯૯૨ ના રોજ તપાસ કરવામાં આવી હતી અને કેટલાક

દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. તેના આધારે, તારીખ ૦૭.૦૫.૧૯૯૩ ના રોજ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટૉરેટ દ્વારા તેમને ફેરા ની કલમો ૮(૨) અને ૯(૧)(એફ)(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ તેમની સામે ફેરા ની કલમ ૫૧ હેઠળ નિર્ધારિત કર્યા મુજબ નિર્ણયની કાર્યવાહી કેમ ન ચલાવવી જોઈએ તે દર્શાવવા માટે કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી. અપીલકર્તાએ કારણદર્શક નોટિસનો પોતાનો જવાબ રજૂ કર્યો હતો. ત્યાર પછી, તારીખ ૦૭.૦૫.૧૯૯૩ ની કારણદર્શક નોટિસના સંબંધમાં નિર્ણયની કાર્યવાહી સ્પેશિયલ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટૉરેટ, ફેરા, નવી દિલ્હી સમક્ષ શરૂ કરવામાં આવી હતી. બંને પક્ષોની રજૂઆતો ધ્યાનમાં લીધા પછી, સ્પેશિયલ ડિરેક્ટરે તારીખ ૧૮.૧૧.૧૯૯૬ નો હુકમ પસાર કરીને ઠેરવ્યું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટૉરેટ ફેરા ની કલમો ૮(૨) અને ૯(૧)(એફ)(૧) ના ઉલ્લંઘનના આરોપોના સમર્થનમાં પ્રથમ દ્રષ્ટિએ કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે અને ઉપરોક્ત ખાતાકીય કાર્યવાહી પડતી મૂકવાનો નિર્દેશ આપ્યો હતો. એ દર્શાવવું પ્રસ્તુત છે કે આ દરમિયાન એટલે કે તારીખ ૨૬.૦૭.૧૯૯૫ ના રોજ, સામાવાળાઓએ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કલકત્તાની કોર્ટમાં તે જ ફરિયાદના કારણ પર અપીલકર્તા સામે ફરિયાદ દાખલ કરી હતી જેની મેજિસ્ટ્રેટ દ્વારા સંજ્ઞાન લેવામાં આવી હતી. અપીલકર્તાના જણાવ્યા મુજબ, સંબંધિત સત્તાધિકારી દ્વારા સમાન મુદ્દાઓનો નિર્ણય પહેલેથી જ થઈ ગયો હોવાથી, મેજિસ્ટ્રેટે ફરિયાદ પડતી મૂકવી જોઈતી હતી અને કાર્યવાહી ચાલુ રાખવાથી

કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ થશે. કાર્યવાહી પડતી ન મૂકવા અને તેને ચાલુ રાખવાના મેજિસ્ટ્રેટના હુકમથી વ્યથિત થઈને, અપીલકર્તાએ સીઆરઆર નંબર ૩૫૯૩/૧૯૯૭ દ્વારા હાઈકોર્ટ સમક્ષ રિવિઝન દાખલ કરી હતી. વાદગ્રસ્ત હુકમ દ્વારા, હાઈકોર્ટે વિભાગના વલણને સ્વીકારીને ફોજદારી કાર્યવાહી રદ કરવાનો ઈનકાર કર્યો હતો અને રિવિઝન ફગાવી દીધી હતી.

૬. અપીલકર્તાના દાવાની યોગ્યતા તપાસવા માટે, ઊભા થયેલા મુદ્દાને લાગુ પડતી ફેરા ની સંબંધિત જોગવાઈઓનો સંદર્ભ લેવો ઉપયોગી છે. તે નીચે મુજબ છે:

> **"દંડ**
>
> **૫૦.** જો કોઈ વ્યક્તિ [કલમ ૧૩, કલમ ૧૮ ની પેટા-કલમ (૧) ની કલમ (એ), કલમ ૧૮એ અને કલમ ૧૯ ની પેટા-કલમ (૧) ની કલમ (એ) સિવાયની] આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમનું ઉલ્લંઘન કરે છે, તો તે આવા ઉલ્લંઘનમાં સામેલ રકમ અથવા મૂલ્ય કરતાં પાંચ ગણાથી વધુ ન હોય અથવા પાંચ હજાર રૂપિયા, બેમાંથી જે વધુ હોય તેવા દંડ માટે જવાબદાર રહેશે, જે ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ અથવા કેન્દ્ર સરકારના હુકમ દ્વારા આ વતી વિશેષ રીતે અધિકૃત કરાયેલા આસિસ્ટન્ટ ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટના હોદ્દાથી નીચેના ન હોય તેવા એન્ફોર્સમેન્ટના અન્ય કોઈપણ અધિકારી દ્વારા નક્કી કરવામાં આવશે (બંને કિસ્સામાં હવે પછી નિર્ણાયક અધિકારી તરીકે ઉલ્લેખિત).
>
> **નિર્ણય કરવાની સત્તા**
>
> **૫૧.** કોઈપણ વ્યક્તિએ (તે કલમમાં ઉલ્લેખિત જોગવાઈઓ સિવાયની) આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમનું ઉલ્લંઘન કર્યું છે કે કેમ તે કલમ ૫૦ હેઠળ નક્કી કરવાના હેતુ માટે, નિર્ણાયક અધિકારી તે વ્યક્તિને આ બાબતમાં રજૂઆત કરવાની વાજબી તક આપ્યા પછી નિર્ધારિત રીતે તપાસ કરશે અને

જો, આવી તપાસ પર, તેમને સંતોષ થાય કે તે વ્યક્તિએ ઉલ્લંઘન કર્યું છે, તો તેઓ તે કલમની જોગવાઈઓ અનુસાર યોગ્ય લાગે તેવો દંડ લાદી શકે છે.

ગુનાઓ અને કાર્યવાહી

૫૬. (૧) આ અધિનિયમ હેઠળ નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવાને બાધ આવ્યા વિના, જો કોઈ વ્યક્તિ [કલમ ૧૩, કલમ ૧૮ ની પેટા–કલમ (૧) ની કલમ (એ), કલમ ૧૮એ, કલમ ૧૯ ની પેટા–કલમ (૧) ની કલમ (એ), કલમ ૪૪ ની પેટા–કલમ (૨) અને કલમો ૫૭ અને ૫૮ સિવાયની] આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ નિયમ, નિર્દેશ અથવા હુકમનું ઉલ્લંઘન કરે છે, તો તે, કોર્ટ દ્વારા દોષિત ઠરવા પર, શિક્ષાપાત્ર થશે, – (૧) એવા ગુનાના કિસ્સામાં કે જેમાં સામેલ રકમ અથવા મૂલ્ય એક લાખ રૂપિયાથી વધુ હોય, એવી મુદતની કેદ સાથે જે છ મહિના કરતાં ઓછી નહીં હોય, પરંતુ જે સાત વર્ષ સુધી લંબાવી શકાય છે અને દંડ સાથે:

પરંતુ કોર્ટે, ચુકાદામાં ઉલ્લેખ કરવાના યોગ્ય અને વિશેષ કારણોસર, છ મહિના કરતાં ઓછી મુદત માટે કેદની સજા લાદી શકે છે; (૨) અન્ય કોઈપણ કિસ્સામાં, એવી મુદતની કેદ સાથે જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય છે અથવા દંડ સાથે અથવા બંને સાથે."

૭. અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અમરેન્દ્ર શરણે ઉપરોક્ત જોગવાઈઓ તેમજ ખાતાકીય કાર્યવાહી પડતી મૂકતા સ્પેશિયલ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના તારીખ ૧૮.૧૧.૧૯૯૬ ના હુકમનું અવલોકન કરાવ્યા પછી એવી રજૂઆત કરી હતી કે સદર નિષ્કર્ષને ધ્યાનમાં રાખીને અને વિભાગે આગળની અપીલ દ્વારા તેને પડકાર્યો ન હોવાની હકીકતને ધ્યાનમાં રાખીને, ફેરા ની કલમ ૫૬(૧) હેઠળ તે જ ફરિયાદના કારણ માટે ફોજદારી કાર્યવાહી થઈ શકે નહીં.

૮. મેં તારીખ ૧૮.૧૧.૧૯૯૬ ના સ્પેશિયલ ડિરેક્ટરના હુકમનું અવલોકન કર્યું છે. મેં પહેલેથી જ દર્શાવ્યું છે કે તપાસ અને જપ્તી પછી, કારણદર્શક નોટિસ જારી કર્યા પછી અને સુનાવણીની તક આપ્યા પછી, સ્પેશિયલ ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઉપરોક્ત હુકમ પસાર કર્યો હતો. તમામ સામગ્રી ધ્યાનમાં લીધા પછી અને વિદેશી હૂંડિયામણના વ્યવહારો સંબંધિત કોઈ વાંધાજનક દસ્તાવેજો ન મળતાં અને વધુમાં ફેરા ની કલમ ૬૪(૨) સાથે વંચાણે લેતાં કલમો ૮(૨) અને ૯(૧)(એફ)(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ અપીલકર્તા સામેના આરોપો ટકી શકે તેમ નથી તેવું શોધી કાઢ્યા પછી, સ્પેશિયલ ડિરેક્ટરે અપીલકર્તાઓ અને અન્ય લોકો સામે શરૂ કરાયેલી કાર્યવાહી પડતી મૂકી હતી. સ્વીકાર્ય રીતે, વિભાગે ફેરા ની કલમ પર મુજબ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એપેલેટ બોર્ડ સમક્ષ અપીલ દ્વારા સદર નિષ્કર્ષને પડકાર્યો ન હતો. અપીલકર્તાનો એવો દાવો છે કે સ્પેશિયલ ડિરેક્ટર દ્વારા અપીલકર્તા સામે મૂકવામાં આવેલા તમામ આરોપોમાંથી તેમને મુક્ત કરતું સ્પષ્ટ તારણ હોવાથી, વિભાગને ફેરા ની કલમ ૫૬ હેઠળ ફોજદારી કાર્યવાહી શરૂ કરવાની મંજૂરી નથી. અપીલકર્તાનું એવું વલણ છે કે કલમ ૫૬ ની પેટા-કલમ (૧) માં વપરાયેલી ભાષાને ધ્યાનમાં રાખીને, એટલે કે, "આ અધિનિયમ હેઠળ નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવાને બાધ આવ્યા વિના....", અને તમામ આરોપો પડતા મૂકતા સ્પેશિયલ ડિરેક્ટરના સ્પષ્ટ

નિષ્કર્ષના પ્રકાશમાં, એન્ફોર્સમેન્ટ વિભાગ કાર્યવાહી શરૂ કરવા માટે એસ્ટોપલથી બંધાયેલ છે.

૯. ઉપરોક્ત દાવાના સમર્થનમાં, અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો હતો:-

(૧) જી.એલ. દિદવાણિયા અને અન્ય વિરુદ્ધ ઇનકમ ટેક્સ ઓફિસર અને અન્ય, ૧૯૯૫ સપ્લીમેન્ટરી (૨) એસ.સી.સી. ૭૨૪;

(૨) કે.સી. બિલ્ડર્સ અને અન્ય વિરુદ્ધ આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઇનકમ-ટેક્સ, (૨૦૦૪) ૨ એસ.સી.સી. ૭૩૧;

(૩) પી.એસ. રાજ્ય વિરુદ્ધ બિહાર રાજ્ય, (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧ અને

(૪) ઉત્તમ ચંદ અને અન્ય વિરુદ્ધ ઇનકમ ટેક્સ ઓફિસર, સેન્ટ્રલ સર્કલ, અમૃતસર, (૧૯૮૨) ૨ એસ.સી.સી. ૫૪૩.

૧૦. પ્રથમ નિર્ણય, જી.એલ. દિદવાણિયા (ઉપર મુજબ) હોઈ ધ ઇનકમ ટેક્સ એક્ટ હેઠળ ઉદ્ભવ્યો હતો. તેમાં અપીલકર્તા એક આકારણી પાત્ર હતા અને આકારણી વર્ષ ૧૯૬૦-૬૧ માટે, તેમણે નિર્ધારિત ફોર્મમાં પોતાની આવક રૂપિયા ૨૬,૨૨૪/- દર્શાવતું પોતાનું આવકનું રિટર્ન ફાઇલ કર્યું હતું અને ચકાસણી પર તેમના દ્વારા તારીખ ૨૫.૦૮.૧૯૬૧ ના રોજ હસ્તાક્ષર કરવામાં

આવ્યા હતા અને રિટર્ન તારીખ ૦૮.૦૯.૧૯૬૧ ના રોજ ફાઇલ કરવામાં આવ્યું હતું. અપીલકર્તાએ દિલ્હી અને બોમ્બેની પેઢીઓમાંથી પોતાની વ્યવસાયિક આવક દર્શાવી હતી. સંબંધિત અધિકારી દ્વારા તારીખ ૩૧.૧૦.૧૯૬૧ ના રોજ આવક રૂપિયા ૩૫,૬૯૯/– ગણીને આકારણી કરવામાં આવી હતી. અન્ય એક પેઢી મેસર્સ યંગ ઇન્ડિયા એન્ડ ટ્રાન્સપોર્ટ કંપની હતી જેમાં અપીલકર્તાના સગીર બાળકો અને તેમના બે કર્મચારીઓ ભાગીદાર હતા. આકારણીની કાર્યવાહીમાં, આકારણી સત્તાધિકારી એવા નિષ્કર્ષ પર આવ્યા કે તે અસલી પેઢી ન હતી અને ભાગીદારીનું સાધન અમાન્ય અને બિનઅસરકારક હતું. તેથી, અપીલકર્તા સામે ધ ઇનકમ ટેક્સ એક્ટ ની કલમો ૧૪૭ અને ૧૪૮ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને તેમની આકારણી ફરીથી ખોલવામાં આવી હતી. કલમ ૧૪૮ હેઠળની નોટિસના અનુસંધાનમાં, અપીલકર્તાએ પોતાની આવક રૂપિયા ૨૯,૫૦૦/– દર્શાવતું પોતાનું રિટર્ન ફાઇલ કર્યું હતું. તારીખ ૧૭.૦૩.૧૯૬૯ ના હુકમ દ્વારા, ઇનકમ ટેક્સ ઓફિસરે અપીલકર્તાની આવકની આકારણી રૂપિયા ૫૨,૬૩૪/– તરીકે કરી હતી અને આ આંકડો મેસર્સ યંગ ઇન્ડિયા એન્ડ ટ્રાન્સપોર્ટ કંપનીની આવક ઉમેરીને મેળવવામાં આવ્યો હતો અને તે જ આકારણી વર્ષ માટે જાણે કે તે અપીલકર્તાની આવક હોય. અપીલકર્તાએ તારીખ ૦૨.૧૨.૧૯૭૧ ના રોજ ફાઇલ કરેલા રિટર્નની ચકાસણીમાં નિવેદન કર્યું હતું અને એક હિસાબ/નિવેદન રજૂ કર્યું હતું જે આકારણી સત્તાધિકારીના જણાવ્યા મુજબ ખોટું હતું અથવા આકારણી પાત્ર જાણતા હતા કે માનતા હતા કે તે ખોટું

છે. આ આકારણીના આધારે, કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને અધિકૃત સત્તાધિકારી દ્વારા તારીખ ૦૯.૦૯.૧૯૭૭ ના રોજ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તે દરમિયાન, અપીલકર્તા–આકારણી પાત્રે ઈનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરી અને ટ્રિબ્યુનલે તેના તારીખ ૨૪.૦૨.૧૯૭૭ ના હુકમ દ્વારા અપીલ મંજૂર કરી અને ઠેરવ્યું કે અપીલકર્તા સમગ્ર વ્યવસાયના માલિક હતા તેવું માનવા માટે કોઈ નક્કર સામગ્રી ન હતી. એપેલેટ ટ્રિબ્યુનલે એવું પણ અવલોકન કર્યું કે આકારણી સત્તાધિકારી રેકર્ડ પરના તથ્યો પરથી ખોટા નિષ્કર્ષ પર આવ્યા હતા અને ઠેરવ્યું હતું કે મેસર્સ યંગ ઈન્ડિયા એન્ડ ટ્રાન્સપોર્ટ કંપનીના નામે ચાલતો વ્યવસાય આકારણી પાત્રનો હતો અને તે મુજબ એપેલેટ સત્તાધિકારીએ આકારણી પાત્રની કુલ આવકમાંથી રૂપિયા ૨૩,૧૩૪/– નો ઉમેરો રદ કર્યો હતો. એપેલેટ ટ્રિબ્યુનલે અપીલકર્તાની તરફેણમાં અપીલ મંજૂર કરતો હુકમ પસાર કર્યા પછી, આકારણી પાત્રે ફોજદારી કાર્યવાહી પડતી મૂકવા માટે મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી દાખલ કરી હતી. મેજિસ્ટ્રેટે તેમના તારીખ ૦૨.૦૯.૧૯૭૯ ના હુકમ દ્વારા સદર અરજી ફગાવી દીધી અને ઠેરવ્યું કે ફરિયાદ પક્ષને તેની ફરિયાદના સમર્થનમાં પુરાવા રજૂ કરવાનો અધિકાર છે અને કોઈ ફોજદારી ગુનો બને છે કે નહીં તે નિષ્કર્ષ પર કોર્ટ આવી શકે છે. મેજિસ્ટ્રેટે એવું પણ અવલોકન કર્યું કે ટ્રિબ્યુનલના હુકમને માત્ર પુરાવા તરીકે લઈ શકાય છે. તેનાથી વ્યથિત થઈને, અપીલકર્તા–આકારણી પાત્રે હાઈકોર્ટ સમક્ષ ધ કોડ ની કલમ ૪૮૨ હેઠળ અરજી દાખલ કરી અને હાઈકોર્ટે તેને પ્રાથમિક

તબક્કે જ ફગાવી દીધી જેને આ કોર્ટ સમક્ષ પડકારવામાં આવી હતી. આ કોર્ટ સમક્ષ પ્રશ્ન એ હતો કે શું ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમને ધ્યાનમાં રાખીને કાર્યવાહી ટકાવી શકાય. તથ્યપૂર્ણ પરિદ્રશ્યમાં, આ કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

> "૪. ઉપર નોંધ્યા મુજબ, આકારણી સત્તાધિકારીએ ઠેરવ્યું કે અપીલકર્તા–આકારણી પાત્રે મેસર્સ ચંગ ઈન્ડિયા એન્ડ ટ્રાન્સપોર્ટ કંપનીની આવક સંબંધિત ખોટું નિવેદન કર્યું હતું અને તે તારણ ઈનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા રદ કરવામાં આવ્યું છે. જો તે સ્થિતિ હોય તો અમે એ જોવામાં અસમર્થ છીએ કે ફોજદારી કાર્યવાહી કેવી રીતે ટકાવી શકાય."

આ નિર્ણયમાં નિર્ધારિત સિદ્ધાંત એ છે કે ઇનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલના નિષ્કર્ષને ધ્યાનમાં રાખીને, વિભાગને મેજિસ્ટ્રેટ સમક્ષ પેન્ડિંગ રહેલી ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી નથી અને એપેલેટ ટ્રિબ્યુનલનું તારણ નિર્ણાયક છે. આવા નિષ્કર્ષના આધારે, આ કોર્ટે ફોજદારી કાર્યવાહી રદ કરી અને આકારણી પાત્રની અપીલ મંજૂર કરી.

૧૧. બીજો નિર્ણય કે.સી. બિલ્ડર્સ (ઉપર મુજબ) હોઈ તે પણ ધ ઈનકમ ટેક્સ એક્ટ હેઠળ ઉદ્ભવ્યો હતો. અહીં પણ, જી.એલ. દિદવાણિયા (ઉપર મુજબ) ના અગાઉના નિર્ણય પર આધાર રાખીને, આ કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

> "૩૧. એ સુસ્થાપિત સિદ્ધાંત છે કે જે બાબતનો નિર્ણય ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવ્યો હોય અને પતાવટ કરવામાં આવી હોય તેને ફોજદારી અદાલતોમાં ખેંચવાની જરૂર નથી સિવાય કે અપીલકર્તાઓનું કૃત્ય ગુનાહિત ગણી શકાય તેવું હોય."

૧૨. ત્રીજો નિર્ણય પી.એસ. રાજ્ય (ઉપર મુજબ) હોઈ, તે ફરિયાદ/એફઆઈઆર રદ કરવાના સંબંધમાં ધ કોડ ની કલમ ૪૮૨ હેઠળ કોર્ટની સત્તા સાથે સંબંધિત છે. આ નિર્ણયમાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે જો ફોજદારી કાર્યવાહીમાંનો મુદ્દો ખાતાકીય કાર્યવાહી સમાન હોય જે સાબિત થઈ શક્યો ન હતો, તો વિભાગને ફોજદારી કાર્યવાહીમાં તે જ આરોપ ચાલુ રાખવાની મંજૂરી નથી.

૧૩. વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલ છેલ્લો નિર્ણય ઉત્તમ ચંદ (ઉપર મુજબ) છે. આ નિર્ણય પણ ધ ઇનકમ ટેક્સ એક્ટ હેઠળ ઉદ્ભવ્યો હતો. કોઈપણ કાયદાકીય જોગવાઈઓ અને અગાઉના નિર્ણયોનો સંદર્ભ લીધા વિના, આ કેસના તથ્યો પૂરતા મર્યાદિત રહીને, ઇનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા નોંધાયેલા તારણને નોંધીને કે એક શ્રીમતી જનક રાણી આકારણી પાત્ર પેઢીના ભાગીદાર હતા અને પેઢી અસલી પેઢી હતી, આ કોર્ટે ખોટા રિટર્ન ફાઇલ કરવા બદલ તેમની સામે શરૂ કરાયેલી ફોજદારી કાર્યવાહી રદ કરી હતી.

૧૪. પ્રથમ બે નિર્ણયો સ્વીકાર્ય રીતે ધ ઇનકમ ટેક્સ એક્ટ માંથી ઉદ્ભવ્યા હતા. અમારી સમક્ષ એ દર્શાવવામાં આવ્યું નથી કે ફેરા ની કલમો ૫૦, ૫૧ અને ૫૬ જેવી સમાન જોગવાઈઓ ધ ઇનકમ ટેક્સ એક્ટ માં ઉપલબ્ધ છે કે કેમ. તેમ છતાં પણ, ફેરા ની કલમ ૫૬(૧) માં વપરાયેલી ભાષાના પ્રકાશમાં, કલમ ૫૦ હેઠળના નિર્ણયને ધ્યાનમાં લીધા વિના કોઈ પ્રતિબંધ હોઈ શકે નહીં, જેની હું પછીના ફકરાઓમાં વિગતવાર ચર્ચા કરીશ. અપીલકર્તા દ્વારા આધાર

રાખવામાં આવેલ ત્રીજો નિર્ણય ફરિયાદ/એફઆઈઆર રદ કરવા માટે ધ કોડ ની કલમ ૪૮૨ હેઠળ કોર્ટની સત્તા સાથે સંબંધિત છે અને આધાર રાખવામાં આવેલ છેલ્લો નિર્ણય તે કેસના તથ્યો પૂરતો મર્યાદિત રાખવો પડશે કારણ કે અન્ય કોઈ સામગ્રી ઉપલબ્ધ ન હતી. બીજા શબ્દોમાં કહીએ તો, અન્ય કેસો માટે વિચારણા કરવા જેવો કોઈ સિદ્ધાંત નથી.

૧૫. હવે, હું વિદ્વાન એ.એસ.જી. શ્રી પી.પી. મલ્હોત્રા દ્વારા રજૂ કરાયેલા વિભાગના વલણ પર વિચાર કરું. ફેરા ની કલમો ૫૦, ૫૧ અને ૫૬ નું અવલોકન કરાવ્યા પછી, શ્રી મલ્હોત્રાએ રજૂઆત કરી હતી કે બંને કાર્યવાહી, એટલે કે કલમો ૫૦ અને ૫૧ દ્વારા આવરી લેવાયેલ ખાતાકીય નિર્ણય અને દંડ લાદવો અને સદર અધિનિયમની કલમ ૫૬ દ્વારા આવરી લેવાયેલ કાર્યવાહી સાથે-સાથે ચાલી શકે છે અને આ બંને પ્રણાલીઓના એકસાથે સંચાલન સામે કોઈ પ્રતિબંધ નથી. તેમણે એવી પણ રજૂઆત કરી હતી કે અપીલકર્તાના વિદ્વાન વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા તમામ નિર્ણયોને હાલના કેસના મુદ્દા સાથે કોઈ સંબંધ નથી કારણ કે કોઈએ પણ ફેરા ની જોગવાઈઓ, ખાસ કરીને કલમો ૫૦, ૫૧ અને ૫૬ સાથે કામ પાર પાડ્યું નથી. પોતાના દાવાના સમર્થનમાં, તેમણે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો હતો:- ૧) સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને અન્ય વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ અને અન્ય, (૨૦૦૬) ૪ એસ.સી.સી. ૨૭૮; ૨) કે.જી. પ્રેમશંકર વિરુદ્ધ ઇન્સ્પેક્ટર ઓફ પોલીસ અને અન્ય, (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૮૭; ૩) આસિસ્ટન્ટ કલેક્ટર

ઓફ કસ્ટમ્સ વિરુદ્ધ એલ.આર. મેલવાની, ૧૯૬૯ (૨) એસ.સી.આર. ૪૩૮; ૪) ઇકબાલ સિંઘ મારવાહ અને અન્ય વિરુદ્ધ મીનાક્ષી મારવાહ અને અન્ય, (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૩૭૦ અને ૫) બી.એન. કશ્યપ વિરુદ્ધ એમ્પરર, એ.આઈ.આર. (૩૨) ૧૯૪૫ લાહોર ૨૩ ફુલ બેંચ.

૧૬. પ્રથમ નિર્ણય એટલે કે સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક (ઉપર મુજબ), ત્રણ ન્યાયાધીશોની બેંચનો નિર્ણય છે અને તે તે જ સમાન જોગવાઈઓ, એટલે કે ફેરા ની કલમો ૫૦, ૫૧ અને ૫૬ પર ઉદ્‌ભવ્યો હતો. શરૂઆતમાં જ, શ્રી અમરેન્દ્ર શરણે નિર્દેશ કર્યો હતો કે તે નિર્ણયમાં પ્રશ્ન હાલના કેસમાં વિચારણા હેઠળના મુદ્દા સાથે સંબંધિત ન હતો, તેથી હું પહેલા ત્રણ ન્યાયાધીશોની બેંચ દ્વારા નિર્ધારિત તથ્યો અને મુદ્દાઓ નોંધી લઉં. અપીલકર્તા બેંક અને તેના કેટલાક અધિકારીઓ સામે કલમો ૫૦ અને ૫૧ હેઠળ દંડ લાદવા માટે નિર્ણયની કાર્યવાહી કેમ શરૂ ન કરવી તે અંગે કારણ દર્શાવવા માટે ફેરા હેઠળ નોટિસો મળવા પર અને અપીલકર્તા બેંક અને તેના અધિકારીઓને તેમાં સામેલ વ્યવહાર માટે સંબંધિત સત્તાધિકારી પાસેથી જરૂરી પરવાનગી હોવાનું દર્શાવવાની તક આપતી ફેરા ની કલમ ૬૧ હેઠળની વધુ નોટિસો મળવા પર, અપીલકર્તા બેંકે રિટ પિટિશન નંબર ૧૯૭૨/૧૯૯૪ દાખલ કરી હતી, જેમાં ફેરા ની સંબંધિત કલમો ભારતના બંધારણના અનુચ્છેદો ૧૪ અને ૨૧ નું ઉલ્લંઘન કરતી હોવાથી ગેરબંધારણીય હોવાની જાહેરાતની અને ફેરા હેઠળના સત્તાવાળાઓને સદર અધિનિયમની શરતો અનુસાર પ્રસ્તાવિત નિર્ણય અને પ્રસ્તાવિત કાર્યવાહી સાથે

આગળ વધતા અટકાવવા માટે મનાઈહુકમની રિટની અરજ કરવામાં આવી હતી. વ્યક્તિગત નોટિસોને પડકારતી બેંકના અધિકારીઓ દ્વારા સીડબલ્યુપી નંબર ૨૩૭૭/૧૯૯૬ તરીકે દાખલ કરવામાં આવેલી અન્ય એક રિટ અરજીમાં, બોમ્બે હાઈકોર્ટે ફેરા ની કલમો ૫૦, ૫૧, ૫૬ અને ૬૮ ની બંધારણીય કાયદેસરતા સામેના પડકારને ફગાવી દીધો હતો, પરંતુ સ્પષ્ટ કર્યું હતું કે ફેરા ની કલમ ૬૮(૧) નિર્ણયની કાર્યવાહીને લાગુ પડતી નથી અને તે સદર અધિનિયમ હેઠળના દંડાત્મક ગુનાઓ માટેની કાર્યવાહી પૂરતી મર્યાદિત હતી. નારાજ થઈને, અપીલકર્તા–બેંક અને તેના અધિકારીઓ તેમજ યુનિયન ઓફ ઈન્ડિયાએ આ કોર્ટ સમક્ષ સિવિલ અપીલો દાખલ કરી હતી. શરૂઆતમાં, તે અપીલો બે વિદ્વાન ન્યાયાધીશોની બેંચ સમક્ષ આવી હતી જેણે તારીખ ૨૦.૦૪.૨૦૦૪ ના હુકમ દ્વારા તેને ત્રણ ન્યાયાધીશોની બેંચને સંદર્ભિત કરી હતી. ત્રણ ન્યાયાધીશોની બેંચે આસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ વેલ્લિયપ્પા ટેક્સટાઇલ્સ લિમિટેડ (૨૦૦૩) ૧૧ એસ.સી.સી. ૪૦૫ માં બેંક અને તેના અધિંકારીઓ દ્વારા આધાર રાખવામા આવેલા નિર્ણયની ચોક્કસાઈ અંગે શંકા વ્યક્ત કરી હતી જે ત્રણ ન્યાયાધીશોની બેંચનો ચુકાદો હતો અને તારીખ ૧૬–૭–૨૦૦૪ ના હુકમ દ્વારા [એ.એન.ઝેડ. ગ્રિન્ડલેઝ બેંક લિમિટેડ વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ, (૨૦૦૪) ૬ એસ.સી.સી. ૫૩૧] પ્રશ્નને બંધારણીય બેંચને સંદર્ભિત કર્યો હતો. બંધારણીય બેંચે, તારીખ ૫–૫–૨૦૦૫ ના ચુકાદા દ્વારા (સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક વિરુદ્ધ ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૫૩૦) આસિસ્ટન્ટ

કમિશનર વિરુદ્ધ વેલ્લિયપ્પા ટેક્સટાઇલ્સ લિમિટેડ (ઉપર મુજબ) ના નિર્ણયને ઉલટાવી દીધો અને આ અપીલોને ડિવિઝન બેંચ દ્વારા ગુણદોષના આધારે સાંભળવા માટે મોકલી આપી. જે પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો હતો તે એ હતો કે શું એવા કેસમાં જ્યાં ગુનો કેદની ફરજિયાત સજા સાથે શિક્ષાપાત્ર હતો, ત્યાં ધ કંપનીઝ એક્ટ હેઠળ સ્થપાયેલી કંપની સામે કાર્યવાહી ચલાવી શકાય, કારણ કે કંપની પર કેદની સજા લાદી શકાતી નથી. બંધારણીય બેંચમાં બહુમતીએ ઠેરવ્યું કે કંપની સામે ફેરા હેઠળના દંડાત્મક ગુનાઓ માટે કાર્યવાહી ચલાવવા સામે કોઈ વાંધો હોઈ શકે નહીં અને કેદ અને દંડની સજા લાદવાની હોય છે અને કંપની અથવા સ્થાપિત સંસ્થા પર કોઈ કેદ લાદી શકાતી નથી તે હકીકત ફેરા ની કલમ ૫૬ ને બિનઅસરકારક બનાવશે નહીં અને કંપની એવા ગુનાઓ સંબંધિત કાર્યવાહીમાંથી કોઈ મુક્તિ ભોગવતી નથી જેના માટે કેદની ફરજિયાત સજા નિર્ધારિત કરવામાં આવી હોય. બંધારણીય બેંચના સદર નિર્ણયના પ્રકાશમાં, ત્રણ ન્યાયાધીશોની બેંચ સમક્ષનો વિવાદ સંકુચિત થઈ ગયો અને એ આધારે આગળ વધ્યો કે અપીલકર્તા–બેંકો ફેરા હેઠળના ગુનાઓ માટે કાર્યવાહીને પાત્ર છે. બેંચે ફેરા ની કલમો ૫૦, ૫૧ અને ૫૬ ના કાર્યક્ષેત્ર અને લાગુ પડવાની બાબત પર વિસ્તૃત વિચારણા કરી હોવાથી જેની સાથે મારો સંબંધ છે, હું સમગ્ર ચર્ચા અને અંતિમ નિષ્કર્ષ ટાંકું છું.

> "**૨૦.** સિવિલ અપીલ નંબર ૧૭૫૦/૧૯૯૯ માં અપીલકર્તાઓ તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલે, અગાઉ સંદર્ભિત વિદ્વાન વરિષ્ઠ વકીલની દલીલો સ્વીકારવા ઉપરાંત, એવી પણ રજૂઆત કરી હતી કે સદર અધિનિયમની યોજના પર, ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ

માટે ફેરા ની કલમ ૫૧ ની શરતો અનુસાર પહેલા નિર્ણય લેવો અને જો સંતોષ થાય તો જ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી સાથે આગળ વધવું ફરજિયાત હતું. વકીલના જણાવ્યા મુજબ, ફેરા ની યોજના હેઠળ, નિર્ણયની કાર્યવાહી પહેલા શરૂ થવી જોઈએ અને તે પૂર્ણ થયા પછી જ, ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ, દંડ માટેના નિર્ણયના તારણોના પ્રકાશમાં, કાર્યવાહી શરૂ કરવાનો અને સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળ વધુ સજા લાદવા કે ન લાદવાનો નિર્ણય કરી શકે છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે નિર્ણયની કાર્યવાહી સદર અધિનિયમ હેઠળના સત્તાવાળાઓને ઉલ્લંઘનની ગંભીરતા અંગે ખ્યાલ આપશે અને ઉલ્લંઘન કાર્યવાહી દ્વારા સજાને પાત્ર છે કે કેમ તે નક્કી કરવાની તક આપશે. તેઓ નક્કી કરશે કે સદર અધિનિયમની કલમ ૫૦ હેઠળ લાદવામાં આવેલ દંડ પૂરતો છે કે નહીં. જો નિર્ણયની કાર્યવાહીમાં એવું જણાય કે કથિત ગુનેગારે સદર અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું નથી, તો ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ માટે સંબંધિત વ્યક્તિ સામે કાર્યવાહી કરવાનો કોઈ પ્રસંગ રહેશે નહીં. ત્યારે ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ માટે ફેરા ના ઉલ્લંઘન બદલ કોઈ વ્યક્તિ સામે કાર્યવાહી કરવી અસંગત અને અવાજબી હશે, જ્યારે તેની સામેની નિર્ણયની કાર્યવાહીમાં એવું જણાયું હતું કે તે વ્યક્તિએ ફેરા ની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું નથી. આ સંદર્ભમાં ફેરા ની યોજનાને એવું દર્શાવતી સમજવી જોઈએ કે પહેલા નિર્ણય થવો જોઈએ અને ત્યાર પછી, જો ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટને લાગે કે દંડ અપૂરતો છે, તો કાર્યવાહી શરૂ કરવા પર વિચાર કરવો જોઈએ.

૨૧. વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલે રજૂઆત કરી કે ફેરા હેઠળ, નિર્ણય અને કાર્યવાહી એ અલગ–અલગ હેતુઓ સાથેની બે અલગ અને ભિન્ન પ્રક્રિયાઓ છે. ફેરા ના કથિત ઉલ્લંઘનના સંબંધમાં નિર્ણય અને કાર્યવાહી શરૂ કરવા સામે ફેરા માં અથવા અન્ય કોઈ કાયદામાં કોઈ પ્રતિબંધ ન હતો. વકીલે રજૂઆત કરી હતી કે કાયદાએ વિદેશી હૂંડિયામણ સંબંધિત કાયદાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સાથે વ્યવહાર કરવા માટે બે અલગ પદ્ધતિઓ પૂરી પાડીને તેની મંજૂરી આપી છે. જ્યારે દંડ લાદવાનો પ્રાથમિક હેતુ આવકના હિતમાં અને વિદેશી હૂંડિયામણના સંરક્ષણ માટે છે, ત્યારે કાર્યવાહીનો પ્રાથમિક હેતુ સદર અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી વ્યક્તિઓ અથવા કંપનીઓ માટે મજબૂત અવરોધક તરીકે સેવા આપવાનો અને મોટા પાયે સમાજને સંદેશ મોકલવાનો છે. વકીલે નિર્દેશ કર્યો હતો કે ફેરા ની કલમ ૫૬ જે ગુનાઓ અને કાર્યવાહી સાથે સંબંધ ધરાવે છે, તે "આ અધિનિયમ હેઠળ

નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવાને બાધ આવ્યા વિના" શબ્દોથી શરૂ થાય છે. કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ અદાલત દ્વારા દોષિત ઠરવા પર સજાને પાત્ર થશે, ભલે તેના પર દંડ લાદવામાં આવ્યો હોય. "બાધ આવ્યા વિના" શબ્દોને સદર અધિનિયમ હેઠળના સત્તાવાળાઓના પહેલા નિર્ણય સાથે આગળ વધવાના અને તેના અંતે જ કાર્યવાહી શરૂ કરવાના અધિકારને પ્રતિબંધિત કરતા વાંચવા માટે કોઈ આધાર ન હતો. વકીલે એ બાબત પર પણ ભાર મૂક્યો હતો કે આ બંને કાર્યવાહી સ્વતંત્ર રીતે હાથ ધરવામાં આવે છે. વકીલે નિર્દેશ કર્યો હતો કે ૧૯૪૭ ના ફેરા ના સંબંધમાં પણ શાંતિ પ્રસાદ જૈન વિરુદ્ધ ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ માં આ કોર્ટે કાયદા હેઠળની વિશેષ પ્રક્રિયાને માન્ય રાખી હતી અને ઠેરવ્યું હતું કે તે બંધારણના અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન કરતી નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે સદર અધિનિયમનો હેતુ આરોપીને કાયદાના સકંજામાં લાવવાનો છે, ખાસ કરીને ગંભીર ગુનાના કિસ્સામાં અને અપીલ અને બીજી અપીલ દ્વારા નિર્ણય પૂર્ણ થવા માટે લાંબો સમય રાહ જોવાનો અને ત્યાર પછી જ કાર્યવાહી શરૂ કરવાનો ધારાસભાનો હેતુ હોઈ શકે નહીં.

૨૨. સદર અધિનિયમ, તેની પ્રસ્તાવના દ્વારા દર્શાવ્યા મુજબ, દેશના વિદેશી હૂંડિયામણના સંસાધનોના સંરક્ષણ અને દેશના આર્થિક વિકાસમાં તેના યોગ્ય ઉપયોગ માટે ઘડવામાં આવ્યો હતો. આવા કાયદાનું અર્થઘટન કરતી વખતે, ખુદ અધિનિયમમાં તે સંબંધમાં કોઈપણ જોગવાઈના અભાવમાં, અમને સદર અધિનિયમની કોઈપણ જોગવાઈઓના કાર્યક્ષેત્રને પ્રતિબંધિત કરવાનું કોઈ કારણ જણાતું નથી, ખાસ કરીને ગુનાઓ અને કાર્યવાહી સાથે સંબંધિત અધિનિયમની કલમ ૫૬ માં "બાધ આવ્યા વિના" ની કલમની હાજરીના સંદર્ભમાં. વિદ્વાન એડિશનલ સોલિસિંટર જનરલની આ દલીલમા અમને તથ્ય જણાય છે કે સદર અધિનિયમ બેવડા હેતુને પૂર્ણ કરે છે. એક, સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણય પછી યોગ્ય દંડ લાદીને કથિત ઉલ્લંઘનથી કોઈ આર્થિક નુકસાન ન થાય તે સુનિશ્ચિત કરવું અને બે, સદર અધિનિયમની કલમ ૫૬ ની શરતો અનુસાર યોગ્ય કાર્યવાહી પછી યોગ્ય સજા લાદીને ઉલ્લંઘન કરવાની વૃત્તિ પર અંકુશ મૂકવો. અર્થઘટનની બાબત તરીકે એવી દલીલ કે જોગવાઈઓ પર બંધારણના ભાગ III હેઠળના અધિકારોના ઉલ્લંઘન તરીકે હુમલો કરી શકાતો ન હોવાથી – આપણે સદર અધિનિયમની જોગવાઈઓનું અર્થઘટન કરવું જોઈએ અને ઠેરવવું જોઈએ કે કાર્યવાહી પહેલાં નિર્ણય થવો જોઈએ, તે સ્વીકારી શકાય નહીં

કારણ કે અમને સદર અધિનિયમની જોગવાઈઓમાં આવા અર્થઘટનને યોગ્ય ઠેરવતું કંઈ જણાતું નથી. સદર અધિનિયમની યોજના પર, આ બંને કાર્યવાહી સ્વતંત્ર જણાય છે અને એક અથવા બીજી અથવા બંનેની શરૂઆત સંબંધિત જોગવાઈઓ દ્વારા જ નિયંત્રિત થતી જણાય છે. નવમી અનુસૂચિમાં આ અધિનિયમના સમાવેશના સંદર્ભમાં, રાયલા કોર્પોરેશન (પ્રાઇવેટ) લિમિટેડ વિરુદ્ધ ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ ના નિર્ણય પર આધાર રાખવાથી આ કોર્ટ જોગવાઈઓને મનસ્વી ગણી શકતી નથી અને વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા સૂચવવામાં આવેલી રીતે તેને સંકુચિત કરી શકતી નથી અથવા સમજી શકતી નથી. સદર અધિનિયમનો મૂળ હેતુ અને નવમી અનુસૂચિમાં સદર અધિનિયમના સમાવેશનો મૂળ ઉદ્દેશ્ય જોગવાઈઓના તે મુજબના અર્થઘટનને યોગ્ય ઠેરવે છે જે આધારે ઘડવામાં આવેલી જોગવાઈઓ અને યોજનામાં કંઈપણ મનસ્વી અથવા અવાજબી નથી. આપણે એ પણ નોંધી શકીએ છીએ કે ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૭ ની કલમ ૨૩–ડી જે રાયલા કોર્પોરેશન (પ્રાઇવેટ) લિમિટેડ માં ધ્યાનમાં લેવામાં આવી હતી તેમાં એક પરંતુક હતું, જે દર્શાવતું હતું કે દંડ લાદવા માટેનો નિર્ણય ગુનેગાર સામે કાર્યવાહી કરવા માટે સંબંધિત કોર્ટમાં લેખિત ફરિયાદ કરતા પહેલા થવો જોઈએ. વર્તમાન અધિનિયમની કલમ ૫૬ અથવા કલમ ૫૧ માં સમાન પરંતુકનો અભાવ એ પણ સ્પષ્ટ સંકેત છે કે ધારાસભાનો હેતુ આ બંને કાર્યવાહીને એકબીજાથી સ્વતંત્ર ગણવાનો હતો. દેખીતી રીતે, જ્યારે ૧૯૭૩ નો અધિનિયમ ઘડવામાં આવ્યો હતો ત્યારે ઉપર સંદર્ભિત નિર્ણયોમાં આ કોર્ટ દ્વારા અનુરૂપ જોગવાઈઓ પર મૂકવામાં આવેલા અર્થઘટનથી ધારાસભા વાકેફ હોવી જોઈએ અને ચોક્કસ રીતે સમજવામાં કે વાંચવામાં ન આવે તો તે બંધારણના અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન કરશે તેવા આધાર પરના કોઈપણ પડકારને ટાળવા માટે તેનો નવમી અનુસૂચિમાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

૨૩. એસએલપી (ક્રિમિનલ) નંબર ૫૮૯૨/૨૦૦૪ માંથી ઉદ્‌ભવતી ફોજદારી અપીલમાં અપીલકર્તા તરફે હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલે, જેમાં કલકત્તા હાઇકોર્ટના ફુલ બેંચના નિર્ણયને પડકારવામાં આવ્યો છે, તેમણે સિવિલ અપીલ નંબર ૧૭૫૦/૧૯૯૯ માં વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા ઉઠાવવામાં આવેલી દલીલોને સમર્થન આપ્યું હતું. અપીલ હેઠળના ચુકાદામાં કલકત્તા હાઇકોર્ટની ફુલ બેંચે, પ્રસ્તુત પાસાઓની વિચારણા પર, તેને કરવામાં આવેલા સંદર્ભનો જવાબ એવો આપીને આપ્યો છે કે ફેરા ની કલમ ૫૬ હેઠળની ફરિયાદ સદર અધિનિયમની કલમ ૫૦

હેઠળ દંડ લાદતા પહેલા દાખલ કરવામાં આવે તો તેને ક્યારેય અકાળ કહી શકાય નહીં અને આવી ફોજદારી કાર્યવાહી સ્વતંત્ર કાર્યવાહી હોવાથી, ફેરા, ૧૯૭૩ ની કલમ ૫૧ હેઠળ નિર્ણયની કાર્યવાહી પેન્ડિંગ હોય તે દરમિયાન શરૂ કરી શકાય છે. તેમાં, ફુલ બેંચે એ.એસ.જી. જોથિમણી નાદર વિરુદ્ધ ડેપ્યુટી ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ માં મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયનો અને અનિલકુમાર અગ્રવાલ વિરુદ્ધ કે.સી. બસુ માં આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયનો સંદર્ભ આપ્યો છે જે પડકાર હેઠળના ચુકાદામાં ફુલ બેંચ દ્વારા લેવાયેલા દ્રષ્ટિકોણ જેવો જ દ્રષ્ટિકોણ અપનાવે છે. કોર્ટે આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સ વિરુદ્ધ એલ.આર. મેલવાની અને પી. જયપ્પન વિરુદ્ધ એસ.કે. પેરુમલ માં આ કોર્ટના નિર્ણયો પરથી પણ પોતાના દ્રષ્ટિકોણ માટે સમર્થન મેળવ્યું છે. નિર્ણય માટે તેને સંદર્ભિત પ્રશ્ન પર ફુલ બેંચ દ્વારા આપવામાં આવેલા જવાબને માન્ય ન રાખવાનું અમને કોઈ કારણ જણાતું નથી. સમગ્ર રીતે, અમને સંતોષ છે કે જ્યાં સુધી સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણયની કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી ફેરા ની કલમ ૫૬ હેઠળ કાર્યવાહી શરૂ કરી શકાતી નથી તેવી દલીલ સ્વીકારવામાં કોઈ ઔચિત્ય નથી. બંને કાર્યવાહી એકસાથે શરૂ કરી શકાય છે અને એકસાથે ચાલુ રાખી શકાય છે.

૨૪. વકીલે રજૂઆત કરી હતી કે નિર્ણય માટે એક વિશેષ તંત્રની રચના કરવી, કલમ ૫૬ માં "બાધ આવ્યા વિના" ની કલમને કોઈપણ દંડ લાદવા પૂરતી મર્યાદિત રાખવી અને સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ કાર્યવાહી શરૂ કરવા પૂરતી નહીં, આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓના ઉલ્લંઘનને બંને કાર્યવાહીની ચાવી બનાવવી, આ બધું સૂચવે છે કે સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળની કાર્યવાહી પહેલાં નિર્ણય થવો જોઈએ. સદર અધિનિયમમાં એવું દર્શાવવા માટે કંઈ નથી કે નિર્ણયનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળની કાર્યવાહીમાં કોર્ટ પર બંધનકર્તા છે. એવો કોઈ સંકેત નથી કે કાર્યવાહી નિર્ણયના પરિણામ પર આધારિત છે. અમે પહેલેથી જ ઠેરવ્યું છે કે સદર અધિનિયમની યોજના પર, આ બંને કાર્યવાહી સ્વતંત્ર છે. એકનું તારણ બીજામાં નિર્ણાયક નથી. સદર અધિનિયમ દ્વારા પ્રાપ્ત કરવા માંગતા ઉદ્દેશ્યોના સંદર્ભમાં, વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા તત્વો એવા તારણને યોગ્ય ઠેરવશે નહીં કે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણય પૂર્ણ થયા પછી જ કાર્યવાહી શરૂ કરી શકાય છે. કે.સી. બિલ્ડર્સ વિરુદ્ધ સીઆઈટી નો નિર્ણય સ્પષ્ટપણે અલગ તારવી શકાય તેવો છે. અદાલત એ રીતે આગળ વધી જાણે કે ધ ઈનકમ ટેક્સ એક્ટ

> હેઠળ, કાર્યવાહી દંડ લાદવા પર આધારિત છે. તે એવો કેસ હતો જ્યાં કાર્યવાહી આવક છુપાવવાના તારણ અને દંડ લાદવા પર આધારિત હતી. જ્યારે ટ્રિબ્યુનલે ઠેરવ્યું કે કોઈ છુપવણી ન હતી, અને દંડ લાદતો હુકમ રદ કરવામાં આવ્યો હતો; આ કોર્ટના જણાવ્યા મુજબ, કાર્યવાહીનો મૂળ આધાર જ અદ્રશ્ય થઈ ગયો હતો. આ કોર્ટે ઠેરવ્યું કે તે સુસ્થાપિત કાયદો છે કે ધ ઈનકમ ટેક્સ એક્ટ ની કલમ ૨૭૬-સી હેઠળ દંડ લાદવો અને કાર્યવાહી એકસાથે છે અને તેથી, એકવાર છુપવણી હોવાના આધાર પર દંડ રદ કરવામાં આવે પછી, ધ ઈનકમ ટેક્સ એક્ટ ની કલમ ૨૭૬-સી હેઠળની કાર્યવાહી રદ થવી આપમેળે હતી. અમે પહેલેથી જ ઠેરવ્યું છે કે ફેરા ની યોજના પર, નિર્ણય અને કાર્યવાહી અલગ અને ભિન્ન છે. તેથી, ઉપરોક્ત નિર્ણયનો સિદ્ધાંત લાગુ પડતો નથી. તે સિવાય, વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલની આ રજૂઆતમાં વજૂદ છે કે કે.સી. બિલ્ડર્સ માં અપનાવવામાં આવેલા દ્રષ્ટિકોણની ચોક્કસાઈ પર પુનર્વિચારણાની જરૂર પડી શકે છે કારણ કે તર્ક આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સ વિરુદ્ધ એલ.આર. મેલવાની માં બંધારણીય બેંચ દ્વારા અને તેમાં સંદર્ભ ન લેવાયેલા અન્ય નિર્ણયોમાં અપનાવવામાં આવેલા તર્કથી વિરુદ્ધ જણાય છે. આ કેસોના હેતુ માટે, અમે આ પાસાને આગળ ધપાવવું જરૂરી માનતા નથી. માત્ર એટલું કહેવું પૂરતું છે કે તે નિર્ણયના સિદ્ધાંતને અહીં કોઈ લાગુ પડતી બાબત નથી."

૧૭. વિભાગ દ્વારા જેના પર વધુ આધાર રાખવામાં આવ્યો છે તે પછીનો નિર્ણય કે.જી. પ્રેમશંકર (ઉપર મુજબ) છે જે ત્રણ ન્યાયાધીશોની બેંચનો નિર્ણય પણ છે. આ કેસમાં, આ કોર્ટે ફોજદારી કાર્યવાહી પર દીવાની કોર્ટના નિર્ણયની અસર અને તે જ કારણ સાથે સંબંધિત તે જ વ્યક્તિ સામે દીવાની અને ફોજદારી કાર્યવાહી શરૂ કરવા અંગે વિચારણા કરી છે. નીચેની ચર્ચા અને નિષ્કર્ષ પ્રસ્તુત છે:

> "**૩૦.** ઉપરોક્ત ચર્ચા પરથી જે ફલિત થાય છે તે છે – (૧) અગાઉનો ચુકાદો જે આખરી છે તેના પર એવિડન્સ એક્ટની કલમો

૪૦ થી ૪૩ હેઠળ પૂરી પાડવામાં આવેલ જોગવાઈ મુજબ આધાર રાખી શકાય છે; (૨) તે જ પક્ષકારો વચ્ચેના દીવાની દાવાઓમાં, રેસ જ્યુડિકાટાનો સિદ્ધાંત લાગુ થઈ શકે છે; (૩) ફોજદારી કેસમાં, સીઆરપીસી ની કલમ ૩૦૦ એવી જોગવાઈ કરે છે કે એકવાર કોઈ વ્યક્તિ દોષિત અથવા નિર્દોષ જાહેર થઈ જાય, તો તેમાં ઉલ્લેખિત શરતો સંતોષાય તો તે જ ગુના માટે તેની સામે ફરીથી ટ્રાયલ ચલાવી શકાશે નહીં; (૪) જો ફોજદારી કેસ અને દીવાની કાર્યવાહી સમાન કારણ માટે હોય, તો દીવાની કોર્ટનો ચુકાદો પ્રસ્તુત રહેશે જો કલમો ૪૦ થી ૪૩ માંથી કોઈપણની શરતો સંતોષાય, પરંતુ કલમ ૪૧ માં દર્શાવેલ સિવાય તે નિર્ણાયક રહેશે તેમ કહી શકાય નહીં. કલમ ૪૧ પૂરી પાડે છે કે કયો ચુકાદો તેમાં જણાવેલી બાબતોનો નિર્ણાયક પુરાવો રહેશે.

૩૧. વધુમાં, અગાઉની દીવાની કાર્યવાહીમાં પસાર થયેલો ચુકાદો, હુકમ અથવા હુકમનામો, જો પ્રસ્તુત હોય, જેમ કે એવિડન્સ એક્ટની કલમો ૪૦ અને ૪૨ અથવા અન્ય જોગવાઈઓ હેઠળ પૂરી પાડવામાં આવેલ છે, તો દરેક કેસમાં, કોર્ટે નક્કી કરવાનું રહેશે કે તેમાં નક્કી કરાયેલી બાબત(તો) ના સંબંધમાં તે કઈ હદ સુધી બંધનકર્તા અથવા નિર્ણાયક છે.

૩૨. વર્તમાન કેસમાં, એમ.એસ. શેરીફ કેસમાં બંધારણીય બેંચ દ્વારા આપવામાં આવેલ નિર્ણય બંધનકર્તા રહેશે, જેમાં વિશેષરૂપે એવું ઠેરવવામાં આવ્યું છે કે કોઈ ચોક્કસ નિયમ નક્કી કરી શકાતો નથી અને દીવાની અને ફોજદારી અદાલતોમાં પરસ્પર વિરોધી નિર્ણયની શક્યતા એ કોઈ પ્રસ્તુત વિચારણા નથી. કાયદો "આવી શક્યતાની કલ્પના કરે છે જ્યારે તે સ્પષ્ટપણે એક અદાલતના નિર્ણયને બીજી અદાલત પર બંધનકર્તા બનાવવાનું, અથવા પ્રસ્તુત પણ બનાવવાનું ટાળે છે, સિવાય કે સજા અથવા નુકસાની જેવા મર્યાદિત હેતુ માટે".

33. આથી, આ કોર્ટ દ્વારા વી.એમ. શાહ કેસમાં કરવામાં આવેલ અવલોકન કે ફોજદારી કોર્ટ દ્વારા નોંધાયેલ તારણ દીવાની કોર્ટ દ્વારા નોંધાયેલા તારણથી રદબાતલ થાય છે તે કાયદાનું સાચું અર્થઘટન નથી. વધુમાં, કરમ ચંદ કેસમાં કરવામાં આવેલા સામાન્ય અવલોકનો ઉપર જણાવેલ કેસના તથ્યોના સંદર્ભમાં છે. કોર્ટે એમ.એસ. શેરીફ કેસમાં બંધારણીય બેંચના અગાઉના નિર્ણય તેમજ એવિડન્સ એક્ટની કલમો ૪૦ થી ૪૩ પર વિચાર કરવાની જરૂર ન હતી.

૩૪. વર્તમાન કેસમાં, હાઈકોર્ટ દ્વારા રિમાન્ડ કર્યા પછી, દીવાની કાર્યવાહી તેમજ ફોજદારી કાર્યવાહીનો નિર્ણય પુરાવા પર કરવાનો રહેશે, જે પક્ષકારો દ્વારા રેકર્ડ પર લાવવામાં આવી શકે છે."

૧૮. એલ.આર. મેલવાની (ઉપર મુજબ) માં, જે બંધારણીય બેંચનો નિર્ણય પણ છે, જોકે બેંચ સમક્ષ કાયદાના વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા, મારો સંબંધ પ્રશ્ન નંબર ૧ અને ૨ સાથે છે જે નીચે મુજબ છે:

"(૧) શું સી કસ્ટમ્સ એક્ટ હેઠળની કાર્યવાહીમાં કલેક્ટર ઓફ કસ્ટમ્સના નિર્ણયના કારણે તે કેસમાં આરોપી નંબર ૧ અને ૨ સામે જેમાંથી આ ક્રિમિનલ રિવિઝન પિટિશનો ઉદ્ભવી છે તે કાર્યવાહી બંધારણના અનુચ્છેદ ૨૦(૨) હેઠળ પ્રતિબંધિત છે?

(૨) શું કોઈપણ સંજોગોમાં કલેક્ટર ઓફ કસ્ટમ્સનું એવું તારણ કે ૧ લા અને ૨ જા આરોપી દોષિત સાબિત થયા નથી તે તે આરોપીઓ સામેના ફોજદારી કેસમાં ઇશ્યુ એસ્ટોપલ તરીકે સંચાલિત થયું હતું?"

તે અપીલોમાં, ફરિયાદપક્ષનો કેસ એવો હતો કે આરોપી વ્યક્તિઓ અને કેટલીક અન્ય અજાણી વ્યક્તિઓએ ઓક્ટોબર, ૧૯૫૯ ની શરૂઆતમાં અથવા તે અરસામાં ભારતમાં વિદેશી માલની દાણચોરી કરવાના હેતુથી બોમ્બે અને અન્ય સ્થળોએ કાવતરું રચ્યું હતું અને તે કાવતરાના અનુસંધાનમાં તેઓએ વર્ષ ૧૯૫૯ અને ૧૯૬૦ માં વિદેશી માલની ઘણી વસ્તુઓની દાણચોરી કરી હતી. તે સંબંધમાં, કસ્ટમ્સ સત્તાવાળાઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, દાણચોરી કરાયેલ હોવાનું કહેવાતો કેટલોક માલ જપ્ત કરવામાં આવ્યો હતો. તપાસ પૂર્ણ થયા પછી તે માલ જપ્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. વધુમાં, કેટલાક આરોપીઓ પર દંડ લાદવામાં આવ્યો હતો. ત્યાર પછી,

૧૯ ફેબ્રુઆરી, ૧૯૬૫ ના રોજ, આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સ, બોમ્બેએ સરકારની જરૂરી મંજૂરી મેળવ્યા પછી ક્રિમિનલ અપીલ નંબર ૩૫/૧૯૬૭ ના અપીલકર્તાઓ (કેસમાં આરોપી નંબર ૧ અને ૨) સહિત પાંચ વ્યક્તિઓ સામે ધ સી કસ્ટમ્સ એક્ટ, ૧૮૭૮ (૧૮૭૮ નો એક્ટ VIII) ની કલમ ૧૬૭ ની કલમો (૩૭), (૭૫), (૭૬) અને (૮૧) સાથે વંચાણે લેતાં આઇ.પી.સી. ની કલમ ૧૨૦–બી હેઠળ તેમજ ધ ઇમ્પોર્ટ્સ એન્ડ એક્સપોર્ટ્સ (કંટ્રોલ) એક્ટ, ૧૯૪૭ ની કલમ ૫ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. તે ફરિયાદમાં તપાસ શરૂ થાય તે પહેલાં, ૧ લા આરોપીએ ૩ ઓગસ્ટ, ૧૯૬૫ ના રોજ ઉપર ઉલ્લેખિત અરજી દાખલ કરી હતી. કલેક્ટર ઓફ કસ્ટમ્સ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં, તેમણે આરોપી નંબર ૧ અને ૨ ને શંકાનો લાભ આપ્યો હતો. તેમણે તેમાં આ મુજબ જણાવ્યું હતું:

> "મેસર્સ લારમેલ એન્ટરપ્રાઇઝિસ (જેના આરોપી નંબર ૧ પ્રોપ્રાઇટર છે અને આરોપી નંબર ૨ મેનેજર છે) ના સંબંધમાં જોકે તે સ્પષ્ટ છે કે તેઓએ આયાતકારોને તેમની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સીધી મદદ કરી છે અને નૈતિક રીતે દોષિત છે. બિનઅધિકૃત આયાતના કૃત્યમાં સંકળાયેલી વ્યક્તિઓ તરીકે તેમને ગણવા માટે તેમની સામે કોઈ નિર્ણાયક પુરાવા ન હોવાથી, તેઓ શંકાના લાભ પર બચી જાય છે."

ઉપરોક્ત તારણ હોવા છતાં, આસિસ્ટન્ટ કલેક્ટરે પોતાની ફરિયાદમાં આ આરોપી વ્યક્તિઓ સામે કાર્યવાહી ચલાવવાની કોશિશ કરી હતી. બંધારણીય બેંચે એવી રજૂઆત પર વિચાર કર્યો છે કે "અગાઉ સંદર્ભિત કલેક્ટર ઓફ

કસ્ટમ્સનું તારણ વર્તમાન કાર્યવાહીમાં ઇશ્યુ એસ્ટોપલ તરીકે સંચાલિત થયું હતું". બંધારણીય બેંચનો નીચેનો નિષ્કર્ષ પ્રસ્તુત છે:

> "૯. તે નિર્ણયમાં નિર્ધારિત નિયમ આ કોર્ટ દ્વારા પ્રીતમ સિંઘ વિરુદ્ધ પંજાબ રાજ્ય, એ.આઈ.આર. ૧૯૫૬ એસ.સી. ૪૧૫ માં અને ફરીથી એન.આર. ઘોષ ઉર્ફે નિખિલ રંજન ઘોષ વિરુદ્ધ પશ્ચિમ બંગાળ રાજ્ય, (૧૯૬૦) ૨ એસ.સી.આર. ૫૮ માં સ્વીકારવામાં આવ્યો હતો. પરંતુ કોઈ આરોપી ઉપરોક્ત નિયમનો સહારો લે તે પહેલાં, તેણે સ્થાપિત કરવું પડશે કે સક્ષમ અદાલત સમક્ષ અગાઉની કાયદેસરની ટ્રાયલમાં, તેણે નિર્દોષ છુટકારાનો ચુકાદો મેળવ્યો છે જે ચુકાદો તેના ફરિયાદ પક્ષ પર બંધનકર્તા છે. હાલના કેસમાં પહેલેથી જ જણાવેલા કારણોસર, અમે એવું માનવામાં અસમર્થ છીએ કે કલેક્ટર ઓફ કસ્ટમ્સ સમક્ષની કાર્યવાહી એ ફોજદારી ટ્રાયલ છે. આના પરથી એ ફલિત થાય છે કે કલેક્ટરનો નિર્ણય આરોપી નંબર ૧ અને ૨ ની તરફેણમાં નિર્દોષ છુટકારાના ચુકાદા સમાન નથી."

૧૯. એ દર્શાવવું પ્રસ્તુત છે કે એલ.આર. મેલવાની (ઉપર મુજબ) માં બંધારણીય બેંચના ઉપરોક્ત સિદ્ધાંત પર સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક (ઉપર મુજબ) માં ત્રણ ન્યાયાધીશોની બેંચ દ્વારા આધાર રાખવામાં આવ્યો હતો.

૨૦. ઇકબાલ સિંઘ મારવાહ (ઉપર મુજબ) માં, તે જ મુદ્દાના સંબંધમાં ફોજદારી કોર્ટમાં નિર્ણયના બંધનકર્તા સ્વરૂપ વિશે, એવું ઠેરવવામાં આવ્યું હતું:

> "૩૨. છેલ્લી રજૂઆત પર આવતાં કે દીવાની અને ફોજદારી અદાલતો વચ્ચેના તારણોના સંઘર્ષને ટાળવાનો પ્રયાસ કરવો જોઈએ, એ દર્શાવવું જરૂરી છે કે બંને કાર્યવાહીમાં જરૂરી પુરાવાનું ધોરણ તદ્દન અલગ છે. દીવાની કેસો પુરાવાના વજનના આધારે નક્કી કરવામાં આવે છે જ્યારે ફોજદારી કેસમાં સંપૂર્ણ બોજ ફરિયાદપક્ષ પર રહે છે અને વાજબી શંકાથી પર સાબિતી આપવી પડે છે. એવી કોઈ કાયદાકીય જોગવાઈ કે કોઈ કાનૂની સિદ્ધાંત નથી કે એક કાર્યવાહીમાં નોંધાયેલા તારણોને બીજી કાર્યવાહીમાં

આખરી અથવા બંધનકર્તા ગણવામાં આવે, કારણ કે બંને કેસોનો નિર્ણય તેમાં રજૂ કરાયેલા પુરાવાના આધારે કરવાનો હોય છે. જૂના કોડની કલમ ૪૭૬ હેઠળ ફરિયાદ દાખલ કરવાનો નિર્દેશ આપતા હુકમ સામેની અપીલમાં આવી જ રજૂઆતની તપાસ કરતી વખતે, એમ.એસ. શેરીફ વિરુદ્ધ મદ્રાસ રાજ્ય માં બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવેલા નીચેના અવલોકનો રજૂ કરાયેલી સમસ્યાનો સંપૂર્ણ જવાબ આપે છે: (એ.આઈ.આર. પૃષ્ઠ ૩૯૯, પેરા ૧૫–૧૬)

'૧૫. દીવાની અને ફોજદારી કાર્યવાહી વચ્ચે અમારો એવો અભિપ્રાય છે કે ફોજદારી બાબતોને પ્રાથમિકતા આપવી જોઈએ. આ મુદ્દે ભારતની હાઈકોર્ટોમાં અભિપ્રાયમાં થોડો તફાવત છે. કોઈ ચોક્કસ નિયમ નક્કી કરી શકાતો નથી પરંતુ અમે એવું માનતા નથી કે દીવાની અને ફોજદારી અદાલતોમાં પરસ્પર વિરોધી નિર્ણયોની શક્યતા એ કોઈ પ્રસ્તુત વિચારણા છે. કાયદો આવી શક્યતાની કલ્પના કરે છે જ્યારે તે સ્પષ્ટપણે એક અદાલતના નિર્ણયને બીજી અદાલત પર બંધનકર્તા બનાવવાનું, અથવા પ્રસ્તુત પણ બનાવવાનું ટાળે છે, સિવાય કે સજા અથવા નુકસાની જેવા કેટલાક મર્યાદિત હેતુઓ માટે. અહીં એકમાત્ર પ્રસ્તુત વિચારણા ક્ષોભજનક સ્થિતિની સંભાવના છે.

૧૬. અન્ય એક પરિબળ જે અમારું ધ્યાન દોરે છે તે એ છે કે દીવાની દાવો ઘણીવાર વર્ષો સુધી લંબાય છે અને ફોજદારી કાર્યવાહીએ ગુના વિશે સંબંધિત દરેક વ્યક્તિ ભૂલી ન જાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ તે અનિચ્છનીય છે. જાહેર હિતની માંગ છે કે ફોજદારી ન્યાય ઝડપી અને ચોક્કસ હોવો જોઈએ; ગુનેગારને ત્યારે સજા થવી જોઈએ જ્યારે ઘટનાઓ હજુ પણ લોકોના મનમાં તાજી હોય અને નિર્દોષ વ્યક્તિને એટલી વહેલી મુક્ત કરવી જોઈએ જેટલું ન્યાયી અને નિષ્પક્ષ ટ્રાયલ સાથે સુસંગત હોય. બીજું કારણ એ છે કે જ્યાં સુધી યાદો વિશ્વાસ કરવા માટે ખૂબ ઝાંખી ન થઈ જાય ત્યાં સુધી બાબતોને સરકવા દેવી અનિચ્છનીય છે.

જોકે, આ કોઈ ચોક્કસ નિયમ નથી. કોઈપણ વિશિષ્ટ કેસમાં મળતી વિશેષ વિચારણાઓ અન્ય કોઈ માર્ગને વધુ યોગ્ય અને ન્યાયી બનાવી શકે છે. ઉદાહરણ તરીકે, દીવાની કેસ અથવા અન્ય ફોજદારી કાર્યવાહી તેના અંતની એટલી નજીક હોઈ શકે છે કે કલમ ૪૭૬ હેઠળ આદેશિત કાર્યવાહીને પ્રાથમિકતા આપવા માટે તેને સ્થગિત કરવી અયોગ્ય બને. પરંતુ આ કેસમાં અમારો એવો દ્રષ્ટિકોણ છે કે જ્યાં સુધી ફોજદારી કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી દીવાની દાવાઓ સ્થગિત રાખવા જોઈએ.' "

૨૧. બી.એન. કશ્યપ (ઉપર મુજબ) માં, અદાલતની કુલ બેંચે ધ એવિડન્સ એક્ટ, ૧૮૭૨ ની કલમો ૪૦ થી ૪૩ પર વિચાર કરતી વખતે ઠેરવ્યું છે કે વ્યક્તિગત કાર્યવાહીમાં દીવાની કોર્ટ દ્વારા અમુક તથ્યો પરનું તારણ ફોજદારી કોર્ટ સમક્ષ પ્રસ્તુત નથી જ્યારે તેને તે જ તથ્યો પર તારણ આપવા માટે બોલાવવામાં આવે છે. તે જ રીતે ફોજદારી કોર્ટ દ્વારા અમુક તથ્યો પરનું તારણ દીવાની કોર્ટ સમક્ષ પ્રસ્તુત નથી જ્યારે તેને તે જ તથ્યો પર તારણ આપવા માટે બોલાવવામાં આવે છે.

૨૨. ઉપરોક્ત નિર્ણયો, ખાસ કરીને સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક (ઉપર મુજબ) નો નિર્ણય જે ફેરા હેઠળ ઉદ્ભવ્યો હતો અને કલમો ૫૦, ૫૧ અને ૫૬ ના કાર્યક્ષેત્ર સાથે કામ પાર પાડ્યું હતું જે બદલામાં એલ.આર. મેલવાની (ઉપર મુજબ) માં બંધારણીય બેંચના નિર્ણય પર આધારિત હતું અને તેનું પાલન કર્યું હતું તે આ અપીલમાં ઉઠાવવામાં આવેલા મુદ્દા પર સીધું લાગુ પડે છે. વાસ્તવમાં, આ કોર્ટે, પેરા ૨૧ માં, સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક (ઉપર મુજબ) માં સદર અધિનિયમની કલમ ૫૬ માં ઉલ્લેખિત "આ અધિનિયમ હેઠળ નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવાને બાધ આવ્યા વિના" શબ્દોના મૂળ કાર્યક્ષેત્ર પર વિચાર કર્યો હતો.

૨૩. વિવિધ નિર્ણયો દ્વારા કલમો ૫૦, ૫૧ અને ૫૬ સંબંધિત અર્થઘટનને ધ્યાનમાં લેતાં, મારો એવો અભિપ્રાય છે કે આર્થિક ગુનાઓને લગતા

કાયદામાં, સદર અધિનિયમની કોઈપણ જોગવાઈઓના કાર્યક્ષેત્રને મર્યાદિત કરવાનું કોઈ કારણ નથી. આ જોગવાઈઓ સુનિશ્ચિત કરે છે કે સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળ નિર્ણય પછી યોગ્ય દંડ લાદીને કથિત ઉલ્લંઘનથી કોઈ આર્થિક નુકસાન ન થાય અને સદર અધિનિયમની કલમ ૫૬ ની શરતો અનુસાર યોગ્ય કાર્યવાહી પછી યોગ્ય સજા લાદીને ઉલ્લંઘન કરવાની વૃત્તિ પર અંકુશ મૂકવામાં આવે. વાસ્તવમાં, એ દર્શાવવું પ્રસ્તુત છે કે ધ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૭ ની કલમ ૨૩ડી માં એક પરંતુક હતું, જે દર્શાવે છે કે ગુનેગાર સામે કાર્યવાહી કરવા માટે સંબંધિત કોર્ટમાં લેખિત ફરિયાદ કરતા પહેલા દંડ લાદવા માટેનો નિર્ણય થવો જોઈએ. વર્તમાન ૧૯૭૩ ના અધિનિયમની કલમ ૫૧ અથવા કલમ ૫૬ માં સમાન પરંતુકનો અભાવ એ પણ સ્પષ્ટ સંકેત છે કે ધારાસભાનો હેતુ આ બંને કાર્યવાહીને એકબીજાથી સ્વતંત્ર ગણવાનો હતો. વર્તમાન અધિનિયમમાં એવું દર્શાવવા માટે કંઈ નથી કે નિર્ણયનું તારણ સદર અધિનિયમની કલમ ૫૬ હેઠળની કાર્યવાહીમાં કોર્ટ પર બંધનકર્તા છે અથવા કલમ ૫૬ હેઠળની કાર્યવાહી સદર અધિનિયમની કલમ ૫૧ હેઠળના નિર્ણયના પરિણામ પર આધારિત છે. એ પુનરાવર્તિત કરવામાં આવે છે કે આ બંને કાર્યવાહી સ્વતંત્ર છે અને કલમ ૫૦ હેઠળના નિર્ણયના પરિણામને ધ્યાનમાં લીધા વિના, કલમ ૫૬ હેઠળ કાર્યવાહી શરૂ કરવા સામે કોઈ પ્રતિબંધ હોઈ શકે નહીં. સદર અધિનિયમની યોજના સ્પષ્ટ કરે છે કે સંબંધિત સત્તાવાળાઓ દ્વારા નિર્ણય અને કાર્યવાહી અલગ અને ભિન્ન છે. નિઃશંકપણે, નિર્ણયનો નિષ્કર્ષ,

હાલના કેસમાં, સ્પેશિયલ ડિરેક્ટરનો તારીખ ૧૮.૧૧.૧૯૯૬ નો નિર્ણય, અપીલકર્તા માટે એક મુદ્દો હોઈ શકે છે અને તેમણે તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાનો રહે છે. કારણ કે ફેરા માં કેટલીક જોગવાઈઓ અને લક્ષણો છે જેની તુલના ધ ઈનકમ ટેક્સ એક્ટ અથવા ધ કસ્ટમ્સ એક્ટ ની જોગવાઈઓ સાથે થઈ શકતી નથી અને ફેરા ની કલમ ૫૬ ના આદેશને ધ્યાનમાં રાખીને, ફોજદારી કોર્ટની ફરજ છે કે તે તેને સોંપાયેલા કાર્યો પૂર્ણ કરે અને કાયદાકીય હેતુને અમલમાં મૂકે, ખાસ કરીને ફેરા ના કાર્યક્ષેત્ર અને હેતુના સંદર્ભમાં જે દેશના આર્થિક વિકાસ અને આવકના વધારા માટે ઘડવામાં આવ્યો હતો. જોકે સદર અધિનિયમ ત્યારથી રદ કરવામાં આવ્યો છે અને હાલમાં ઉપલબ્ધ નથી, છતાં સદર અધિનિયમના હેતુને ધ્યાનમાં રાખીને તે જોગવાઈઓનું હળવાશથી અર્થઘટન કરી શકાય નહીં.

૨૪. ઉપરોક્ત વિશ્લેષણ અને ચર્ચાને ધ્યાનમાં રાખીને, હું મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કલકત્તા દ્વારા લેવાયેલા નિષ્કર્ષ તેમજ હાઈકોર્ટના નિર્ણય સાથે સહમત થાઉં છું. પરિણામે, અપીલ નિષ્ફળ જાય છે અને તેને ફગાવી દેવામાં આવે છે.

બી.બી.બી. અપીલ મંજૂર કરવામાં આવે છે.

Translation of this judgment is provided by M/s Hyperlink E–Solutions Pvt. Ltd.

==

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ.

અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.